**આજનો સુવિચાર**

સત્ય સુરજ જેવું હોય છે એ થોડીક વાર સંતાઈ તો શકે છે પણ તે રહે છે હંમેશા માટે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૪૫ જૂનાગઢ તા.૨૭-૦૯-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 245, Junagadh : Date : 27 September, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# આગામી ૩ દિવસ સમગ્ર રાજયમાં અતિભારે વરસાદની આગાહી : ૬ જીલ્લામાં રેડ એલર્ટ

ગાંધીનગર તા.૨૭

હવામાન વિભાગે આગામી ૩ દિવસ સુધી સમગ્ર રાજયમાં અતિભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે રાજયના ૬ જીલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જયારે અન્ય ૬ જીલ્લામાં ઓરેન્જ એલર્ટ તેમજ ૧૧ જીલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૩ દિવસ ભારે વરસાદની આગાહીને પગલે સમગ્ર રાજયમાં તંત્રને સાબદુ કરવામાં આવ્યું અને એનડીઆરએફ તેમજ એસડીઆરએફની ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

## નવરાત્રી પહેલા ગુજરાતમાં વરસાદી માહોલ છવાતાં ખેલૈયાઓમાં ચિંતા વ્યાપી

ગુજરાતમાં હવે ચોમાસાની વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે ત્યાં જ મેઘરાજાએ ભાદરવામાં જતા જતા પણ ભુક્કા કાઢ્યા છે. છેલ્લા બે દિવસથી રાજયમાં ધોધમાર વરસાદ વરસતા ચારેકોર પાણી પાણી થઈ ગયુ છે. ૨૧૨ તાલુકાઓમાં ધોધમાર વરસાદ વરસ્યા બાદ આજે પણ સવારથી પણ વરસાદી માહોલ છવાયેલો છે. નવરાત્રિના ૬ દિવસ પહેલા જ રાજ્યમાં ધોધમાર વરસાદ વરસતા ગરબા આયોજકો અને ખેલૈયાઓની ચિંતા વધી ગઈ છે.

હવામાન વિભાગે રાજ્યમાં ૩ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. મહારાષ્ટ્રમાં સર્જાયેલા સાયક્લોન સર્ક્યુલેશનની અસર ગુજરાતમાં જોવા મળી રહી છે.

## અયોધ્યા, મથુરા, પ્રયાગરાજ મંદિરોની પ્રસાદ વ્યવસ્થાના નિયમોમાં ફેરફાર

અયોધ્યા તા.૨૭

તિરુપતિ મંદિરના લાડુ પ્રસાદમમાં કથિત ભેળસેળના કારણે ઉત્તર પ્રદેશના મંદિરોમાં એલર્ટ જોવા મળી રહ્યું છે. અયોધ્યા, પ્રયાગરાજ અને મથુરાના મોટા મંદિરોની પ્રસાદ વ્યવસ્થા અને નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવી રહ્યા છે. અયોધ્યા મંદિરના મુખ્ય પૂજારીએ બહારની એજન્સીઓ પાસેથી પ્રસાદ લેવા પર પ્રતિબંધ લગાવવાની માંગ કરી હતી. મથુરા મંદિરે મીઠાઈને બદલે ફળ અને ફૂલો અપનાવવાનું નક્કી કર્યું. પ્રયાગરાજના ત્રણ મોટા મંદિરોમાં પણ પ્રસાદના નિયમો પણ બદલાયા છે. અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરના મુખ્ય પૂજારી સત્યેન્દ્ર દાસે બહારની એજન્સીઓ દ્વારા તૈયાર કરવામાં આવતા પ્રસાદ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાની માંગ કરી હતી. તેમણે મંદિરના પ્રસાદમાં વપરાતા ઘીની શુદ્ધતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને વિનંતી કરી હતી કે તમામ પ્રસાદ મંદિરના પૂજારીઓની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવે.

## મોંઘવારીમાં રાહત આપવા જીએસટી દરોમાં ફેરફાર કરાશે
## દવાઓ, બાઈક સહિત ૧૦૦ વસ્તુઓ પર રાહત આપવા તૈયારી

નવી દિલ્હી, તા.૨૭:

મોંઘવારી સામે ઝઝૂમી રહેલા સામાન્ય માણસને આગામી દિવસોમાં મોટી રાહત મળી શકે છે. કારણ કે, કેન્દ્ર સરકાર ૧૦૦થી વધુ સામાન પર જીએસટીના દરોમાં ફેરફાર કરવાની યોજના બનાવી રહી છે. જેમાં જરૂરી દવાઓ, બાઈક અને અન્ય ઘણી વસ્તુઓનો સમાવેશ થાય છે. વાસ્તવમાં, કેન્દ્ર સરકારના મંત્રીઓના જૂથ (GoM) એ GST દરોમાં સુધારો કરવાના પ્રયાસો તેજ કર્યા છે જેમાં ૧૦૦ થી વધુ વસ્તુઓ પરના ટેક્સ દરોમાં સુધારો કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. આ અંગે પશ્ચિમ બંગાળના નાણામંત્રી ચંદ્રીમા ભટ્ટાચાર્યએ કહ્યું કે GST૧૨% થી ઘટાડીને ૫% કરવા પર વિચારણા કરવામાં આવી રહી છે અને આગામી બેઠક ૨૦ ઓક્ટોબરે યોજાશે. આ ૧૦૦ વસ્તુઓમાં બાઈક અને બોટલ્ડ વોટર જેવી મહત્વની વસ્તુઓનો સમાવેશ થાય છે. GSTદરોને તર્કસંગત બનાવવા માટેના મંત્રીમંડળે ૧૨% અને ૧૮% સ્લેબને મર્જ કરવા ઉપરાંત ૧૦૦થી વધુ વસ્તુઓ પરના દરો પર ફરીથી કામ કરવાની દરખાસ્તો પર ચર્ચા કરી છે, પરંતુ તેની ભલામણોને અંતિમ સ્વરૂપ આપતા પહેલા તેનું વિશ્લેષણ કરવાનું બાકી છે.

## પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં રૂા.૨ થી ૩ નો ઘટાડો થવાની શક્યતા




નવી દિલ્હી,તા. ૨૭:

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. હાલમાં ક્રૂડની કિંમતો પ્રતિ બેરલ ૭૦ ડોલરની આસપાસ હતી, પરંતુ મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધને કારણે ક્રૂડમાં ભારે ઉતાર-ચઢાવ જોવા મળે છે. જોકે હજી ક્રૂડ પહેલાંની તુલનાએ સસ્તું છે,જેથી દેશમાં પણ પેટ્રોલ-ડીઝલની કિંમતો ઘટાડવાની માગ થઈ છે. આ સાથે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં જે ઘટાડો આવ્યો છે, તેના આધારે ઘરેલુ બજારમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ૨-૩ રૂપિયા પ્રતિ લિટર ઘટાડવાની સંભાવના છે, એવું રેટિંગ એજન્સી ઈકરાએ એક નોંધમાં કહ્યું છે. જોકે સરકારે અત્યાર સુધી સતત કિંમતો ઘટી હોવા છતાં તેનો લાભ ગ્રાહકોને આપ્યો નથી અને ઘણા લાંબા સમયથી પેટ્રોલ ડીઝલના ભાવમાં ઘટાડો કરવામાં આવશે તેવી ચર્ચા થઈ રહી છે પરંતુ તે હજી વાસ્તવીક બની નથી.

## ૧ ઓક્ટોબરથી કામદારોના લઘુતમ વેતનમાં વધારો

નવી દિલ્હી, તા.૨૭:

સરકારે ૧ ઓક્ટોબરથી બાંધકામ, ખાણકામ અને કળષિ જેવા અનૌપચારિક ક્ષેત્રોમાં કામ કરતા કામદારો માટે લઘુત્તમ વેતન વધારવાનો નિર્ણય લીધો છે. સરકારનું કહેવું છે કે આ વધારાથી કામદારોને મોંઘવારીનો સામનો કરવામાં મદદ મળશે. ઔદ્યોગિક કામદારો માટે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં ૨.૪૦ પોઈન્ટનો વધારો થયો છે. સુધારા પછી, બાંધકામ ક્ષેત્રમાં કામ કરતા અકુશળ કામદારો માટે લઘુત્તમ વેતન ૭૮૩ રૂપિયા પ્રતિ દિવસ (રૂ. ૨૦,૩૫૮ પ્રતિ માસ) થશે. અર્ધ-કુશળ કામદારો માટે, તે વધારીને ૮૬૮ રૂપિયા પ્રતિ દિવસ (રૂ.૨૨,૫૬૮ પ્રતિ માસ) કરવામાં આવી છે. કુશળ, કારકુન અને નિઃશષા ચોકીદાર માટે, તે પ્રતિ દિવસ ૯૫૪ રૂપિયા (રૂ. ૨૪,૮૦૪ પ્રતિ માસ) હશે.

## બિલ્કીસબાનુ કેસમાં સર્વોચ્ચ અદાલતે ગુજરાત સરકારની રિવ્યુ પીટીશન ફગાવી

નવી દિલ્હી તા.૨૭ :

બિલ્કીસ બાનો કેસમાં ગુજરાત સરકારને સુપ્રીમ કોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની અરજીને ફગાવી દીધી હતી, જેમાં બિલકિસ બાનો કેસ સાથે સંબંધિત દોષિતોને મુક્ત કરવાના આદેશની સમીક્ષાની માંગ કરવામાં આવી હતી. જસ્ટિસ બીવી નાગરથ્ના અને ઉજ્જવલ ભુયાનની બેન્ચે રિવ્યુ પિટિશનને ઓપન કોર્ટમાં સૂચિબદ્ધ કરવાની અરજીને પણ ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું કે અમે રિવ્યુ પિટિશન, પડકારવામાં આવેલા આદેશ અને તેની સાથે જોડાયેલા દસ્તાવેજો પર ધ્યાનપૂર્વક વિચાર કર્યો છે.

સુપ્રિમ કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે તમામ દસ્તાવેજોની તપાસ કર્યા પછી, અમે સંતુષ્ટ છીએ કે રેકોર્ડમાં કોઈ ભૂલ નથી અથવા રિવ્યુ પિટિશનમાં કોઈ યોગ્યતા નથી જેના માટે આદેશ પર પુનર્વિચારની જરૂર છે. બેન્ચે કહ્યું કે તેથી સમીક્ષા અરજીઓ ફગાવી દેવામાં આવે છે.

## સંસદની ૨૪ સ્થાઈ સમિતિઓની રચના : ભાજપને ૧૧ અને વિપક્ષને ૯ સમિતિઓની અધ્યક્ષતા મળી

નવી દિલ્હી તા. ૨૭ :

સંસદની સ્થાયી સમિતિઓની રચના કરવામાં આવી છે. ગુરુવારે જાહેર કરાયેલી ૨૪ સંસદીય સ્થાયી સમિતિઓમાંથી ૧૧ની કમાન ભાજપ પાસે રહેશે. ૯ સમિતિઓની આગેવાની વિપક્ષી પાર્ટીઓ અને ૪ એનડીએ સાથી પક્ષો દ્વારા કરવામાં આવશે. કોંગ્રેસને ચાર સમિતિઓની અધ્યક્ષાતા મળી છે, જયારે ડીએમકે અને મમતાની ટીએમસીને બે-બે સમિતિની કમાન અને સમાજવાદી પાર્ટીને એક સમિતિની કમાન મળી છે. સંસદની સ્થાયી સમિતિઓમાં એનડીએના સાથી પક્ષો - જેડીયુ, ટીડીપી, એનસીપી અને શિવસેનાને એક-એક સમિતિની અધ્યક્ષતા આપવામાં આવી છે.

ભારતીય જનતા પાર્ટીના સાંસદ ભર્તૃહરિ મહતાબને નાણા પરની સ્થાયી સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે, જયારે કોંગ્રેસના શશિ શરૂરને વિદેશ બાબતોની સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. તમામ પક્ષોના પ્રતિનિધિત્વ સાથે વિભાગ-સંબંધિત સ્થાયી સમિતિઓ મિનિ-પાર્લામેન્ટ તરીકે કામ કરે છે અને વિવિધ મંત્રાલયોની કામગીરી પર દેખરેખ રાખે છે. રાજયસભા સચિવાલયે સમિતિઓ અંગેની સૂચના જાહેર કરતા એક પ્રકાશન બહાર પાડ્યું હતું.

## ઘરેલુ હિંસા વિરોધી કાયદો હિન્દુ-મુસ્લીમ તમામને સમાનરીતે લાગુ થાય છે

નવી દિલ્હી,તા.૨૭:

જસ્ટીસ બી.વી. નાગરત્નાની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની બેન્ચે નિર્ણય કર્યો કે ૨૦૦૫નો ઘરેલુ હિંસા કાયદો દેશીની તમામ મહિલાઓ પર લાગુ થાય છે. ભારતીય બંધારણમાં મહિલાઓને આપેલા અધિકારોને આ કાયદાઓ રક્ષણ પૂરું પાડે છે અને તમામ મહિલાઓને સમાનરૂપે લાગુ પડે છે. આ કાયદો સિવિલ એક્ટની જેમ જ ભારતની તમામ મહિલાઓને લાગુ પડે છે. આ કાયદાને મહિલાઓના ધર્મ કે સમુદાયથી કોઈ ફરક પડતો નથી અને આ તમામ ધર્મો અને સમુદાયોની મહિલાઓને લાગુ પડે છે. એક મહિલા દ્વારા કર્ણાટક હાઈકોર્ટના આદેશને સુપ્રિમ કોર્ટમાં પડકારવામાં આવ્યું હતું. જેમાં મહિલાએ ઘરેલુ હિંસા એક્ટ હેઠળ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ભરણ પોષણ અને ભથ્થા માટે અરજી કરી હતી આ કેસનો ચુકાદો આપતા સુપ્રિમ કોર્ટે ઉપર મુજબનું અવલોકન કર્યું હતું.


39 માં વર્ષમાં મંગલ પ્રવેશ
હરસ, ભગંદર, ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ-૧
૯૩૭૪૧ ૦૪૭૨૭, ૯૮૨૪૦ ૬૬૩૨૧
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર




ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ફિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુવાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



# ઝાયડસ હોસ્પીટલ અમદાવાદ દ્વારા જૂનાગઢમાં આવતીકાલે ખાસ કેમ્પ : નામાંકિત ડોકટરો સેવા આપશે





જૂનાગઢ તા. ૨૭

ઝાયડસ હોસ્પીટલ અમદાવાદ દ્વારા આવતીકાલે જૂનાગઢમાં ખાસ કેમ્પ યોજાઈ રહયો છે. સેવાસેતુ નિદાન કેન્દ્ર બસસ્ટેશનનાં બીજા ગેઈટ સામે, શિવશકિત ટ્રાવેલ્સવાળી ગલી, શિવ મંદિરની બાજુમાં આ કેમ્પ યોજાશે. આવતીકાલે યોજાનારા આ કેમ્પમાં કેન્સરનાં રોગોનાં નિષ્ણાંત ડો. મનોહર ચારી, (કેન્સરનાં રોગના નિષ્ણાંત) ગુજરાતનાં જાણીના લેપ્રોસ્કોપીક અને રોબોટીક ગેસ્ટ્રો હિપેટોબીલીયરી સર્જન ડો. ધૈવત વૈષ્ણવ, મગજનાં રોગનાં નિષ્ણાંત ડો. કુલદીપ વાળા વગેરે તબિબો આ કેમ્પમાં મોઢા અને ગળાના કેન્સર, ફેફસા, ગર્ભાશય, કીડની વગેરે તથા પેટ, આંતરડા, સ્વાદપિંડ અને લીવરની બિમારી તથા મગજને લગતી બિમારીઓ માટે સેવા આપશે. આવતીકાલ તા. ૨૮-૯-૨૦૨૪ શનિવારનાં સવારે ૯.૩૦થી ૧૨.૦૦ દરમ્યાન આ કેમ્પ યોજાશે. કેમ્પમાં અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રીપોર્ટ લાવવા જરૂરી છે. કેમ્પ ફી રૂા. ૨૦૦ રાખવામાં આવી છે. વધુને વધુ લોકો આ કેમ્પનો લાભ લે તે માટેનો આ ખાસ કેમ્પસ યોજાઈ રહયો છે. રજીસ્ટ્રેશન માટે નંબર ૮૮૬૬૯૦૩૩૦૦/ ૬૩૫૭૬ ૭૬૩૫૦નો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ સહિત સોરઠમાં શ્રાધ્ધ પક્ષમાં મેઘરાજાનો અભિષેક લાંબા વિરામ બાદ વરસાદ રૂપે કાચુ સોનું વરસ્યું

જૂનાગઢ તા.૨૭

જૂનાગઢ સહિત સોરઠના વિવિધ વિસ્તારોમાં ગઈકાલે મેઘરાજાએ અમીદ્રષ્ટી વરસાવી હતી. અને શ્રાધ્ધ પક્ષમાં વરસેલા વરસાદને પગલે કાચું સોનું વરસ્યું છે ત્યારે ખેડુત વર્ગમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

લાંબા વિરામ બાદ હવામાન વિભાગની વરસાદની આગાહીના ભાગરૂપે ગઈકાલે જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં વરસાદી માહોલ સર્જાયો હતો. જૂનાગઢ શહેરની વાત કરીએ તો સવારથી વાદળછાયું વાતાવરણ વચ્ચે બપોરબાદ વરસાદ શરૂ થયો હતો અને દોઢ ઈંચ ઉપરાંત વરસાદ વરસી ગયો હતો. જયારે જીલ્લાના ભેસાણ પંથકમાં ૩ ઈંચ વરસાદ, વિસાવદર પંથકમાં ૬ ઈંચ વરસાદ, મેંદરડા પોણો ઈંચ ઉપરાંત વરસાદ, કેશોદમાં દોઢ ઈંચ, માંગરોળમાં દોઢ ઈંચ ઉપરાંત, માળીયા પંથકમાં બે ઈંચ જેવો વરસાદ નોંધાયો હતો.

આજે પણ સવારથી જ વરસાદી છાંટણા રહ્યા હતા અને વાદળછાયું વાતાવરણ રહ્યું છે. ગઈકાલે જુદા-જુદા વિસ્તારમાં પડેલા આ વરસાદને કારણે ખેત પાકોને મોટો ફાયદો થવાનો છે ત્યારે ખેડુતવર્ગમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

ગિરનાર પર્વત ઉપર દોઢ ઈંચ ઉપરાંત વરસાદ

ગઈકાલે જૂનાગઢ અને ગિરનાર પર્વત ઉપર પણ વરસાદ વરસ્યો હતો. સત્તાવાર રીતે મળેલી યાદી અનુસાર ગિરનાર પર્વત ઉપર અંદાજીત પોણા બે ઈંચ જેવો વરસાદ પડયો હતો. અને પર્વત ઉપરથી પાણીનું વહેણ શરૂ થયું હતું અને નદીઓમાં તેની આવક થઈ હતી.

સ્વાગત કાર્યક્રમ દરમ્યાન

# જૂનાગઢમાં કલેકટર સામે ઉધ્ધતાઈપુર્વકનું વર્તન તેમજ કમાન્ડોની ફરજમાં રૂકાવટ કરનાર અરજદારની ધરપકડ

જૂનાગઢ તા.૨૭

લોકોની દાદ ફરીયાદ સાંભળવાનો અને તેનો યોગ્ય નિકાલ કરવા માટેનો કાર્યક્રમ એટલે સ્વાગત કાર્યક્રમ નિયત સમયે યોજવામાં આવે છે અને ઉપસ્થિત અરજદારોની સમસ્યા અંગે નિવારણ લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે દરમ્યાન ગઈકાલે ગુરૂવારે જૂનાગઢ ખાતે સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો અને આ કાર્યક્રમમાં એક અરજદારે ઊંચા અવાજે બોલી ઉધ્ધતાઈભર્યુ વર્તન કરતા કલેકટરે તેમને શાંતિથી બહાર બેસવા જણાવ્યું હતુ અને આમ છતાં તેણે માનેલ નહી ત્યારે ઉધ્ધતાઈપુર્વકનું વર્તન કરનાર અરજદારની ધરપકડ કરવામાં આવી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કલેકટર કચેરી જુનાગઢ ખાતે ગઈકાલે સવારે સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં વંથલી તાલુકાના નાવડા ગામના રમેશભાઈ રામજીભાઈ વાણવી અરજદાર તરીકે આવ્યા હતા. તે દરમિયાન કલેકટર અનિલ રાણાવસીયાએ તેમના પ્રશ્નનો બે વાર જવાબ આપ્યો હતો છતાં કલેકટર સામે ઊંચા આવવા જોઈએ ઉગ્ર થઈ બોલી ઉદ્ધતાઈ ભર્યું વર્તન કર્યુ હતું. આથી કલેકટર દ્વારા અરજદારને બહાર બેસવાનું કહેવામાં આવ્યું હતું આમ છતાં તેમનું માનેલ નહીં. જેથી વીસી રૂમમાંથી અરજદારને બહાર લઈ જવાનું કહેતા કમાન્ડો તરીકે ફરજ પરના પોલીસ હેડ ક્વાર્ટરના કોન્સ્ટેબલ હિંમતસિંહ દશરથસિંહ ચાવડાએ રમેશ વાણવીને બહાર આવવાનું કહેતા તેમની સાથે નહીં આવી તેમની ફરજમાં રૂકાવટ કરી ઉગ્ર અવાજમાં ગેરવર્તન કર્યુ હતું. આ ઘટના અંગે પોલીસ કર્મી હિંમતસિંહ ચાવડાની ફરિયાદના આધારે સી ડિવિઝન પોલીસે રમેશ વાણવીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી વધુ તપાસ એચ. બી. ચૌહાણ ચલાવી રહ્યા છે.

યુનાઈટેડ એજયુકેશન એન્ડ વેલફેર સોસાયટી જૂનાગઢ દ્વારા

# આગામી રવિવારે મુસ્લીમ તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

જૂનાગઢ તા.૨૭

યુનાઈટેડ એજયુકેશન એન્ડ વેલફેર સોસાયટી દ્વારા જૂનાગઢમાં ચાલુ વર્ષે પણ મુસ્લીમ તેજસ્વી તારલાઓને સન્માનવાનો બાવીસમો ભવ્ય સન્માન સમારોહ આગામી તા.૨૯-૯-૨૪ને રવિવારના રોજ ખોડલ ફાર્મ, જીનીયસ સ્કુલની સામે, ખલીલપુર રોડ, જૂનાગઢ ખાતે યોજવામાં આવેલ છે.

કાર્યક્રમનાં પ્રમુખસ્થાને ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા, ઉદ્‌ઘાટક તરીકે સરકારી અગ્રણીશ્રી ડોલરભાઈ કોટેચા, ઈનામ વિતરણ શુભારંભ હાટકેશ હેલ્થકેર ફાઉન્ડેશનના શ્રી કલ્પિતભાઈ નાણાવટીના વરદ્‌ હસ્તે થશે. ઉપરાંતમાં મુખ્ય મહેમાનો તરીકે શ્રી ભીખાભાઈ જોષી, નરસિંહ મહેતા યુનિ.ના પ્રો.(ડો.) ફીરોજ શેખ, જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી વાઢેર, અગ્રગણ્ય સિનિયર એડવોકેટ પી.ડી. ગઢવી, મહાસાગર ટ્રાવેલ્સના ભાગચંદભાઈ સુખવાણી, ધોરાજી મેમણ જમાતના પ્રમુખ જનાબ હમીદભાઈ ગોડીલ તથા જૂનાગઢના અગ્રગણ્ય દરેક સમાજના ડોકટર્સ પોતાનું સ્થાન શોભાવશે.

વિદ્યાર્થીઓના સદા પથદર્શક એવા ગુજરાત પોલીસના રીટાયર્ડ જનાબ એમ.એમ. અનારવાલા તથા જૂનાગઢના જાણીતા મૌલાના હાફીઝ મતીન, પોતાના આગવા અંદાઝમાં વિદ્યાર્થીઓને આશિર્વાદ પાઠવશે. તે ઉપરાંત જૂનાગઢ તથા આજુબાજુના આશરે ૩૫ જેટલા સન્માનનીય વ્યક્તિઓ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

સમારોહમાં સમાજના ૨૫૦ જેટલા પ્રથમ, દ્વિતિય, તૃતિય ક્રમાંક મેળવનાર તારલાઓનું સન્માન સ્ટેજ પર બિરાજમાન ૫૦ જેટલા મહાનુભાવો દ્વારા કરવામાં આવશે જયારે કાર્યક્રમ પૂર્ણ થયે સ્ટેજ પરથી જ આશરે ૭૫૦ જેટલા વિદ્યાર્થીઓને આશ્વાસનરૂપે ઈનામ આપવામાં આવશે.

સમાજ નવરચનાના આ રચનાત્મક સન્માન સમારોહમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા યુનાઈટેડ એજયુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીના પ્રમુખ ઈકબાલભાઈ મારફતીયાએ જણાવેલ છે.

# શ્રી કનકેશ્વરી માતાજીનાં મંદિર ખાતે આસો નવરાત્રી મહોત્સવની ભક્તિભાવપુર્વક ઉજવણી થશે




જૂનાગઢ તા.૨૭

શક્તિની આરાધનાનાં પર્વ નવરાત્રીનાં આગમનને ગણતરીનાં દિવસો જ બાકી રહયા છે ત્યારે સુપ્રસિધ્ધ શ્રી કનકેશ્વરી માતાજીનાં મંદિરે આસો નવરાત્રી મહોત્સવની ધામધુમથી અને ભક્તિભાવ પુર્વક ઉજવણી કરવામાં આવશે અને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

વિસાવદર તાલુકાના પોસ્ટ પ્રેમપરા (કનકાઈ ગીર)ખાતે આવેલા શ્રી કનકેશ્વરી માતાજીનું મંદિર માઈ ભક્તો અને શ્રધ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર છે. માતાજીનાં મંદિરે માથુ ટેકવવાથી શ્રી કનકેશ્વરી માતાજી ભક્તજનોની મનોકામના પુર્ણ કરે છે. શ્રી કનકેશ્વરી માતાજીનાં મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ આસો નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આધ્યશક્તિ પરાબિંકા રાજ રાજેશ્વરી બાલાત્રિપુર સુંદરી શ્રી માતાજી કનકેશ્વરીનાં મંદિરે આસો નવરાત્રી મહોત્સવ પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આસો સુદ-૧ને ગુરૂવાર તા.૩-૧૦-૨૦૨૪નાં સવારે શુભ મુહુર્તે કુંભ સ્થાપન કરવામાં આવશે. મુખ્ય મનોરથી શ્રીમતી ભારતીબેન રાજેન્દ્રભાઈ મહેતા (રાજકોટ) પરિવાર તરફથી માતાજીની ધજા ચડાવવાનો કાર્યક્રમ રાખેલ છે. જયારે આસો સુદ ૮ને શુક્રવાર તા.૧૧-૧૦-૨૦૨૪નાં હવનઅષ્ટમી નિમિતે હોમાત્મક નવચંડી યજ્ઞ સવારે ૮ કલાકથી પુજા વિધીનો કાર્યક્રમ શરૂ થશે અને શ્રીફળ હોમવાનો પુર્ણાહુતી હોમ સાંજે ૪-૩૦ કલાકે યોજાશે. હવનઅષ્ટમીનાં મુખ્ય મનોરથી સ્વ.શ્રી જશવંતીબેન અમૃતલાલ શાહના સુપુત્ર શ્રી અનીલભાઈ અમૃતલાલ શાહ, શ્રીમતી કિરણબેન અનીલભાઈ શાહ, શ્રી હાર્દિકભાઈ અનીલભાઈ શાહ, શ્રીમતી મોનિકાબેન હાર્દિકભાઈ શાહ, કુમારી કશ્વી તથા કુમાર અવ્યાનના રહેશે. આ ઉપરાંત આસો સુદ-૮ શુક્રવાર તા.૧૧-૧૧-૨૦૨૪નાં રોજ સાંજે ૪-૩૦ કલાકે આભારવિધી તથા મુખ્ય યજમાનનો સન્માન સમારંભ ટ્રસ્ટ પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી તથા ટ્રસ્ટીઓના હસ્તે કરવામાં આવશે. વધુમાં આવનારો તમામ માઈ ભક્તોને રોજ પુજા અને આરતી, મહાઆરતીનો લાભ મળશે. શ્રી કનકાઈ માતાજી મંદિર ખાતે આસો નવરાત્રી મહોત્સવની ભક્તિભાવપુર્વક ઉજવણી કરવામાં આવશે. માઈ ભક્તો તેમજ ધર્મપ્રેમી જનતાને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ટ્રસ્ટ તરફથી ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# વેરાવળની લેમન ટ્રી હોટલે કરેલા દબાણો અખબારી અહેવાલના પગલે તંત્રએ તોડી પાડ્યા

જીલ્લા કલેકટરની સુચનાથી મામલતદારની ટીમે સ્થળ ઉપર જઈ દબાણો દુર કરાવ્યા હોટલે કરેલા દબાણો દુર કરાતા અંદાજે ચાર કરોડની સરકારી જમીન ખુલ્લી થઈ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૭

વેરાવળમાં લેમન ટ્રી હોટલ દ્વારા સરકારી જમીન ઉપર ગેરકાયદે બાંધકામ ખડકી દેવાતા ફરિયાદ ઉઠી હતી. જેને લઈ પાલિકા તંત્ર એ માત્ર નોટિસ આપી કામગીરી કર્યાનો સંતોષ માની લીધો હતો. તો બીજી તરફ મીડિયાના અહેવાલના પગલે જીલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની સૂચનાથી તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવાની આપેલ સૂચના મુજબ વેરાવળ મામલતદાર શામળા સહિતની ટીમ દબાણ સ્થળે પહોંચી ગેરકાયદે દબાણ ને તાત્કાલિક અસરથી દૂર કરાવ્યું હતું. અંદાજે ચાર કરોડની સરકારી જમીન ખુલ્લી થયાનો જિલ્લા વહીવટી તંત્રનો દાવો કર્યો છે. આ કાર્યવાહી અંગે જિલ્લા વહીવટી તંત્રના જણાવ્યા મુજબ વેરાવળ શહેરના સર્વે નં.૧૫૩૭/પૈ.૧/પૈ.૧ની જમીન ગુજરાત ટુરિઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા આર્ટીસન રિસોર્ટ પ્રાઈવેટ લિમિટેડને લીઝ ઉપર આપવામાં આવેલ હતી. આ જગ્યાના વહીવટ અને જાણવણી માટે આર્ટીસન રિસોર્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા 'લેમન ટ્રી'ને ફ્રેન્ચાઈઝી આપવામાં આવેલ હતી.

'લેમન ટ્રી' દ્વારા લીઝ ઉપર આપેલ જગ્યા ઉપરાંતની જગ્યામાં રૂમ અને ફેન્સીંગ કરી અને અધિકૃત દબાણ કરેલ હતું. જે દબાણ ધ્યાને આવતા ગીર સોમનાથ જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની સૂચના અને દેખરેખ હેઠળ 'લેમન ટ્રી' દ્વારા આ દબાણ સ્વેચ્છાએ દૂર કરી વહિવટી તંત્રને સંપુર્ણ સહયોગ આપવામાં આવેલ હતો. જેનાથી અંદાજે ૮૦૦ ચો.મી. જગ્યા જેની અંદાજિત કિંમત ચાર કરોડ રૂપિયાની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ હતી.

# કેશોદના યુવાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરનાર વિરૂધ્ધ ગુનો નોંધાયો

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૭

કેશોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી યુવતી સાથે સંબંધ બાંધી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવીને કેશોદના મકસુદ ચોક વિસ્તારમાં રહેતાં માહીરભાઈ મુસાભાઈ મહીડા પોતાના ઘરે અને દુકાને વારંવાર દુષ્કર્મ આચર્યુ હોય ત્યારે યુવતીએ લગ્ન કરવા વાત કરતાં યુવાન પોતાના ઘરે પરિવારજનો સાથે વાત કરવા બોલાવતાં યુવાનનાં પિતા પુત્રએ યુવતીને ભુડી ગાળો આપી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરતાં લગ્નની આપેલી લાલચ પુરી કરવાનો ઈરાદો ન હોવાનું લાગતાં યુવતીએ કેશોદ પોલીસ સ્ટેશન ખાતે પહોંચી પોલીસ ઈન્સપેકટર પી. એ. જાદવ સમક્ષ પોતાની આપવીતી સંભળાવતાં ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૬૪(૨)(એમ), ૬૯, ૨૯૬,૩૫૧(૩), ૫૪, એટ્રોસીટી એકટ કલમ ૩(૧) (ડબલ્યુ), ૩(૨)(૫), ૩(૧) (આર) (એસ) હેઠળ માહીરભાઈ મુસાભાઈ મહીડા અને મુસાભાઈ મહીડા વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ડીવાયએસપી બી. સી. ઠકકરના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી છે.

## અવસાન નોંધ

વેરાવળ : દામોદરદાસ હરિદાસ પોપટ(ઉ.વ. ૭૫) તે, નિકુંજભાઈ, પારૂલબેન નિરજકુમાર કાનાબાર(માળીયા હાટીના), ચારૂલતા અંબરીશકુમાર અઢીયા (ચંપારણ્ય), વ્રજાંગ્ના યોગેશકુમાર જીમુડિયા (અમદાવાદ) ના પિતાશ્રી, સુરેશભાઈ, નટવરલાલ (બરોડા), હસુબેન નવીનચંદ્ર ભીમજીયાણી (તાલાલા), સ્વ.ભારતીબેન સુરેશભાઈ લાખાણી (તાલાલા), રેખાબેન જમનાદાસ ચંદારાણા (સુરત)ના ભાઈ, સ્વ.જીવરાજભાઈ ભાણજીભાઈ લખાણી (ઉમરેઠીવાળાના) જમાઈ, સ્વ. નરેશભાઈ, અજીતભાઈના બનેવીનું તા. ૨૫ ના રોજ જતીપુરા મુકામે અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તથા પીયર પક્ષની સાદડી તા. ૨૮ને શનિવાર સાંજે ૪ થી ૬ જાગનાથ મહાદેવ મંદિર, યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

# કોડીનારમાં ૩ ઈંચ ધોધમાર વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી





(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૭

લાંબા સમયના વિરામ બાદ વહેલી સવારથી મેઘરાજે ગીર પંથકને ધમરોળવાનું મન બનાવ્યું હોય તેમ કોડીનાર શહેર અને તાલુકાભરમાં વહેલી સવારથી વાતાવરણ ચેન્જ થતા સમગ્ર તાલુકામાં સવારથી જ ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. જે સાંજ સુધીમાં ત્રણ ઈંચ વરસાદ ખાબકી ચૂક્યો છે અને આ લખાઈ રહ્યું છે ત્યારે પણ વરસાદી માહોલમાં સતત વરસાદ ચાલુ સાથે હોય હજુ વધુ વરસાદ પડવાની સંભાવના છે. કોડીનારમાં ત્રણ ઈંચ વરસાદ સાથે મોસમનો ફૂલ ૪૦ ઈંચ વરસાદ નોંધાયો છે. કોડીનારમાં ૩ ઈંચ જેટલો વરસાદ થતાં કોડીનારના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. આમ છતાં વાહન વ્યવહાર પૂર્વવત છે. કોડીનારના પાણી દરવાજા મુખ્ય રોડ, બસ સ્ટેન્ડ વિસ્તાર સુગર ફેક્ટરી રોડ, હરિ ૐ ચોક સહિતના વિસ્તારમાં પાણી ભરાયા છે. જ્યારે ગ્રામ્ય વિસ્તરોમાં ૨ થી ૪ ઈંચ સુધી વરસાદ પડતા ખેતરો તરબોળ થયા હતા. લાંબા વિરામ બાદ મેઘરાજાએ ફરી ધમાકેદાર એન્ટ્રી કરતા શહેરીજનોમાં ખુશી જોવા મળી રહી છે. તૈયાર પાકમાં પિયતની રાહ જોઈ રહેલા ગીરના ખેડૂતોમાં વરસાદને લઈને આનંદ વ્યાપ્યો છે. હજુ વધુ વરસાદ થાય તો પણ કાંઈ વાંધો નથી. ખેતરોમાં ઉભેલી મોલાતને જીવતદાન મળ્યું છે. જોકે વરસાદે વિરામ લેતા અસહ્ય ગરમી પડતી હતી જે આજે મેઘરાજાએ મન મુકીને હેત વરસાવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં શહેરીજનોમાં ખુશી છવાઈ છે.

# દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને તિરૂપતિ બાલાજીના શૃંગાર દર્શન યોજાયા



(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૨૭

દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને તિરૂપતિ બાલાજીના દૈદિપ્યમાન સ્વરૂપ સાથેના શૃંગાર દર્શન યોજવામાં આવ્યા હતા. સવારે ઠાકોરજીના શૃંગાર સમયે શ્રીજીના ભાવિક ભકત પરિવારના સૌજન્યથી વારાદાર પૂજારી દ્વારા જગતમંદિરમાં વિશિષ્ટ શૃંગાર યોજવામાં આવ્યો હતો. ઠાકોરજીના દિવ્ય સ્વરૂપ સાથેના મનોરથ દર્શનનો ઉપસ્થિત હજારો ભાવિકોએ લાભ લીધો હતો તેમજ ઓનલાઈનના વિવિધ માધ્યમથી લાખો કૃષ્ણભકતોએ આ દિવ્ય દર્શન નિહાળ્યા હતા.

# જૂનાગઢમાં જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

ગુજરાત અને ગુજરાત બહાર જેમનું ખૂબ જ જાણીતું નામ છે એવા જૂનાગઢના હેર અને સ્કીન સ્પેશ્યલીસ્ટ ડો. પિયુષ બોરખતરીયા (એસ્થે કાયા કલ્પ કિલનિક, જૂનાગઢ)નો આજ જન્મદિવસ હતો. તેઓ દર વર્ષે પોતાનો જન્મ દિવસ અલગ અલગ સેવાકીય પ્રવૃત્તિ કરીને ઉજવે છે. એવી જ તેઓ એ આ વર્ષે પણ તેમના દ્વારા અલગ અલગ વૃદ્ધા આશ્રમ, દિવ્યાંગ લોકો ની સંસ્થા અને બીજી સામાજિક સંસ્થામાં મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે જૂનાગઢમાં આવેલ સંસ્થા વાંચન વલોણું દ્વારા "પુસ્તક પરબ" નામનો કાર્યક્રમ ચાલે છે જેના જૂનાગઢના લોકોને વિનામુલ્યે પુસ્તકો વાંચવા માટે અપાય છે. આ સંસ્થાને ડો. પિયુષ બોરખતરીયા દ્વારા ઘણા બધા સારા સારા પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતા. આ બદલ સંસ્થા એ ડો. પિયુષ બોરખતરીયાનો સંસ્થાના બધા સભ્યોએ આભાર વ્યક્ત કરીને જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

# આદિત્યાણા પીજીવીસીએલના અણઘડ સ્ટાફના કારણે અંધારપટ્ટ છવાયો

(પ્રકાશ પંડીત દ્વારા)

આદિત્યાણા તા.૨૭

પીજીવીસીએલ રાણાવાવના અણઘડ અને અણઆવડત ધરાવતા સ્ટાફના કારણે આદિત્યાણા જેવા ૧૫,૦૦ની વસ્તી ધરાવતા આખા ગામને લોકોને આખી રાત લાઈટ વગર ગરમી અને મચ્છરોના ત્રાસને કારણે તરફડીયા મારવા પડેલ હતા. આ સ્ટાફને સવાર સુધી ફોલ્ટ મળેલ નથી. છેલ્લા ઘણા સમયથી આદિત્યણા ગામમાં લાઈટ દિવસમાં ઘણી વખત જતી રહે છે અને કલાકો બંધ રહે છે. રાણાવાવ ખાતે ફોલ્ટ નંબર ઉપર ફોન કરવામાં આવે તો સતત એંગેજ મળે છે અને ફોન ઉપડે તો પણ સંતોષકારક જવાબ આપવામાં આવો નથી. ચોમાસા પહેલા જીઈબી દ્વારા મેન્ટેનન્સના બહાના હેઠળ ઘણા દિવસ લાઈટ બંધ રાખી મેન્ટેનન્સ કરવામાં આવે છે છતાં પણ વરસાદનો છાંટો પડતા જ લાઈટ ગુલ થઈ જાય છે. મેન્ટેનન્સ માત્ર કાગળ ઉપર કરવામાં આવતું હોવાનું જાણકારો કરી રહેલ છે અને જીઈબીના લાખો રૂપીયા પાણીમાં જાય છે. ગઈકાલે રાત્રે ૯ કલાકે બંધ થયેલ લાઈટ હજુ સવારે ૯ સુધી ચાલુ થઈ શકેલ નથી. આખી રાત નાના બાળકો ગરમી અને મચ્છરોના ત્રાસથી રડી રડીને અડધા થઈ ગયેલ છે. જીઈબીના ઘણા કર્મચારીઓ તો થાંભલે પણ ચડી શકતા નથી અને મફતનો પગાર લે છે. આવા લોકોની ફીટનેસ ટેસ્ટ પણ કરવો જોઈએ. અધિકારીઓ તપાસ કરે તેવી માંગણી થઈ રહી છે.

ગાંધીનગર : સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરતો કાર્યક્રમ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૭

દેવભૂમિ દ્વારકા જીલ્લાના દ્વારકા નવરાત્રીના ગણતરીના દિવસોમાં સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરતો નૃત્ય નાટિકા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દ્વારકાના શ્રી ઝાંઝરી કલ્ચરલ એજ્યું એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, દ્વારકા શ્રીમતી શ્વેતા ઠાકર તથા શ્રી હિતેન ઠાકર દ્વારા દિગ્દર્શિત "જગત જનની" નૃત્ય નાટિકા યોજાઈ હતી. અંદાજિત ૪૫ કલાકારોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# ખાખરડા ગામે વૃદ્ધની હત્યામાં ઝડપાયેલા પોલીસ કર્મી જેલ હવાલે

જામ ખંભાળિયા તા. ૨૭ : કલ્યાણપુર તાલુકાના ખાખરડા ગામે રહેતા વજુભા બનેસંગ જાડેજા નામના એક ક્ષત્રિય વૃદ્ધની આજથી આશરે અઢી માસ પૂર્વે હત્યાનો બનાવ ખુલવા પામ્યો હતો. જેમાં પોલીસ દ્વારા કરવામાં આવેલી સઘન તપાસમાં ખંભાળિયા પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ દશરથસિંહ રણુભા જાડેજાને પોલીસે તેના ત્રણ દિવસના રિમાન્ડ દરમિયાન જરૂરી માહિતી સાથે હત્યામાં ઉપયોગમાં લેવામાં આવેલા હથિયાર તલવારને પણ કબજે લીધી હતી.

યુવા ધનને ડ્રગ્સથી બચાવવા માટે ડ્રગ્સના મૂળ એવા સિન્થેટિક ડ્રગ્સ અને ગાંજાના ઉત્પાદન પર ચાંપતી નજર રાખવા

# ડ્રગ્સના રેકેટને તોડવા ડ્રગ્સ ગુજરાત રાજ્યમાં જે રસ્તેથી પ્રવેશે તે પહેલા કોમ્બિંગ વધારી સખ્ત હાથે ડામી દેવા ખાસ સૂચના : જે.સી.પી.મહેન્દ્ર બગડિયા



**કોલેજ - યુનિવર્સીટી વિસ્તારમાં દુકાનો પર વોચ રાખવા, ખાસ કોમ્બિંગ કરવા સૂચના**

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા. ૨૭

યુવા ધનને ડ્રગ્સથી બચાવવા માટે ડ્રગ્સના મૂળ એવા સિન્થેટિક ડ્રગ્સ અને ગાંજાના ઉત્પાદન પર ચાંપતી નજર રાખવા, તેમજ ડ્રગ્સના રેકેટને તોડવા, ડ્રગ્સ ગુજરાત રાજ્યમાં જે રસ્તેથી પ્રવેશે છે તે વિસ્તારમાં કોમ્બિંગ વધારવા તેમજ ડ્રગ્સ વિરોધી પ્રવૃત્તિને સખ્ત હાથે ડામી દેવા વિવિધ યુનિવર્સીટી-કોલેજ પર ચાંપતી નજર રાખવા પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડિયાએ નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટર (નાર્કોડ)ની બેઠકમાં ખાસ સૂચના આપી હતી.

રાજ્ય સરકાર ડ્રગ્સના દુષણ સામેનો ટોલરન્સ પોલિસી સાથે ગંભીરતાપૂર્વક ડ્રગ્સ વિરોધી પ્રવૃત્તિને સખ્ત હાથે ડામી દેવા કટિબદ્ધ છે, ત્યારે રાજકોટમાં પણ ડ્રગ્સ વિરોધી પ્રવૃત્તિ અટકાવવા જે.સી.પી. મહેન્દ્ર બગડિયાએ યુવા ધનને ડ્રગ્સથી બચાવવા માટે ડ્રગ્સના મૂળ એવા સિન્થેટિક ડ્રગ્સ અને ગાંજાના ઉત્પાદન પર ચાંપતી નજર રાખવા તેમજ ડ્રગ્સ ગુજરાત રાજ્યમાં જે રસ્તેથી પ્રવેશે છે તે વિસ્તારમાં કોમ્બિંગ વધારવા ખાસ સૂચના આપી હતી.

અધિક પોલીસ કમિશ્નરે ફૂડ એન્ડ ડ્રગ્સ, ખેતીવાડી, આરોગ્ય સહિતના વિભાગ અને અન્ય સંસ્થાઓને પણ બદલાતા ડ્રગ્સના પરિમાણો સામે સતર્કતા સાથે સહભાગી થવા જણાવ્યું હતું. સાથોસાથ યુવાધન નશીલા પદાર્થોના સેવનથી દૂર રહે તે માટે પ્રિવેંશન પર ભાર મૂકી કોલેજના છાત્રોને ડ્રગ્સની આડ અસરો અને સામાજિક,આર્થિક દુષ્પરિણામો વિષે માહિતગાર કરી જનજાગૃતિ ફેલાવવા વિવિધ કાર્યક્રમો હાથ ધરવા જણાવ્યું હતું. નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટર બેઠકમાં પોલીસ વિભાગ દ્વારા એન્ટી-ડ્રગ્સ કેમ્પઈન અંગે ડી.સી.પી. પાર્થરાજસિંહ ગોહિલે રાજકોટ શહેરમાં જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પકડવામાં આવેલ ડ્રગ્સનાં કેસની માહિતી પુરી પાડી હતી. તેઓએ જણાવ્યું હતુ કે, એસ.ઓ.જી દ્વારા ડ્રગ્સ અવેરેન્સ પ્રોગ્રામ, ડ્રગ્સ ડિટેક્શન તેમજ ડ્રગ્સ એડિક્ટ રિહેબિલેશન અને મોનીટરીંગ એમ ત્રિવિધ કાર્યક્રમો વિવિધ સંસ્થાઓના સહયોગથી કરવામાં આવે છે. જનજાગૃતિ અર્થે શાળા કોલેજમાં 'નો ડ્રગ્સ' અવેરનેસ કેમ્પઈન ચલાવવામાં આવી રહ્યું હોવાનું ડી.સી.પી.એ માહિતી આપતા જણાવ્યું હતું.

એસ.ઓ.જી. તેમજ મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે ડ્રાઈવ ચલાવી શહેરમાં પાન ગલ્લાઓ, બગીચા તેમજ અન્ય સ્થળોએ ચેકીંગ સહિતની કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું પાર્થરાજસિંહે વિગતો આપતા જણાવ્યું હતું. બેઠકમાં આપેલ સૂચના મુજબ યુનિવર્સીટીમાં વિદ્યાર્થીઓની ઈતર પ્રવૃત્તિ પર ધ્યાન રાખવા ખાસ નોડલ અધિકારી નીમવામાં આવ્યા છે. આ તકે આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન, ડી.સી.પી. ઝોન -૧ સજ્જનસિંહ પરમાર, ઝોન – ૨ જગદીશ બંગરવા, સીટી પ્રાંત - ૧ વિમલ ચક્રવર્તી, એસ.ઓ.જી., ડી.સી.બી. સહીત વિવિધ પોલીસસ્ટેશનના અધિકારીશ્રીઓ, સમાજ સુરક્ષા વીભાગ, ફૂડ એન્ડ ડ્રગ વિભાગ, ફોરેન્સિક વિભાગ, મહાનગર તેમજ સિવિલ તબીબી વિભાગ, મનોચિકિત્સક વિભાગ, રિહેબિલિટેશન વિભાગ, કૃષિ, વન વિભાગ, તોલમાપ. સાઈન્ટિફિક વિભાગ સહિત કમિટીના અધિકારીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સીટીના નોડલ અધિકારીઓ જોડાયા હતાં.

# સૌરાષ્ટ્રમાં શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર સંસ્થા ડો. સુભાષ યુનિવર્સિટી દ્વારા આરાધના ૨૦૨૪ રાસોત્સવનું ભવ્ય આયોજન કરાયું



જૂનાગઢ, તા.૨૭

જુનાગઢ સ્થિત ડો.સુભાષ યુનિવર્સિટી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રાસોત્સવ "આરાધના ૨૦૨૪"નું ભવ્ય આયોજન ૨૪થી ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમ્યાન કરવામાં આવ્યું હતું. ગરબા નૃત્ય પહેલા મહા આરતી યોજાતી હતી અને તમામ કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ તેમજ આમંત્રિત મહેમાનો દ્વારા માં આદ્યશક્તિની આરાધનાથી રાસોત્સવની શરૂઆત કરતા હતા. આ વર્ષે યુનિવર્સિટી દ્વારા પ્રાચીન ગરબાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યુનિવર્સિટી દ્વારા ચાલતું વુમન્સ ડેવલોપમેન્ટ સેલ દ્વારા મહિલા સશક્તિકરણ, ભારતીય સંસ્કૃતિ અને માં આદ્યશક્તિની આરાધનાને ઉજાગર કરતા પ્રાચીન ગરબાઓ પ્રસ્તુત કરાયા હતા. આ રાસોત્સવમાં ગુજરાતના ગૌરવવંતા પ્રસિદ્ધ ગાયક હેમંત જોશી સાથે ભાવિકા બારોટ અને તેમની ટીમ દ્વારા ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મ ને ઉજાગર કરતા પ્રાચીન ગરબાઓ ની રમઝટ બોલાવી ખેલૈયાઓમાં થનગનાટ અને ઉત્સાહ ને વધાર્યો હતો. આ આયોજિત રાસોત્સવમાં સુરક્ષા અને સલામતીની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી જેમાં ખેલેયાઓને ડિજિટલ પાસ સિસ્ટમ દ્વારા પ્રવેશ આપવામાં આવ્યો હતો તેમજ અગ્નિ સલામતી તબીબી મદદ તેમજ સંપૂર્ણ સુરક્ષાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં પૂરા વિસ્તારમાં ફાયર સેફટીના સાધનો તેમજ એમ્બ્યુલન્સ સુવિધા અને આરોગ્ય કર્મચારીઓના સ્ટાફ સ્થળપર હાજર રાખવામાં આવ્યા હતા. રાસોત્સવ સ્થળની સુરક્ષા માટે સુરક્ષા કર્મચારીઓ તેમજ જૂનાગઢ તાલુકા પોલીસ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ઝઝ્ફ કેમેરા દ્વારા સમગ્ર વિસ્તારમાં ચાંપતી નજર રાખવામાં આવી હતી. આ રાસોત્સવ ને ખાસ બનાવવા માટે વિદ્યાર્થીઓ પરંપરાગત વેશભૂષામાં ગરબા રમીને માતાજીની આરાધના કરી હતી. નવરાત્રીની ઉજવણીમાં વિદ્યાર્થીઓના ઉત્સાહે અને આકર્ષક વેશભૂષાએ આ ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.આ સમગ્ર રાસોત્સવનું જીવંત પ્રસારણ YouTube પર લાઈવ કરવામાં આવ્યું હતું. આ રાસોત્સવના ભવ્ય આયોજન બદલ સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડા, યુનિવર્સિટીના પ્રમુખ રાજભાઈ ચાવડા, પ્રોવોસ્ટ ડો. દીપક પટેલ તેમજ રજિસ્ટ્રાર ડો.જીગ્નેશ પટેલ દ્વારા ડો.જાગૃત વસાવડા, ડો. પ્રેમકુમાર લાલચંદાની અને કલચરલ કમિટીના કન્વીનર ડો.પ્રદીપ કાછીયા અને તેમની કમિટીને અભિનંદન પાઠવ્યા હતા.

# રાજકોટમાં જીલ્લા કક્ષાની નવરાત્રી રાસ ગરબા હરિફાઈમાં ૬૦૦ ખેલૈયાઓની અર્વાચીન-પ્રાચીન ૩૦ કૃતિઓએ ઉપસ્થિતોને કર્યા મંત્રમુગ્ધ

મહાનુભાવોના હસ્તે અર્વાચીન, પ્રાચીન અને રાસ સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતા ટીમના ખેલૈયાઓને ટ્રોફી આપી પ્રોત્સાહિત



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા. ૨૭

રાજકોટનાં હેમુ ગઢવી હોલ ખાતે જિલ્લા કક્ષાની નવરાત્રી રાસ ગરબા હરિફાઇ યોજાઇ હતી. જેમાં રાજકોટ જિલ્લાની વિવિધ શાળા- કોલેજોના ૬૦૦ વિદ્યાર્થીઓએ પરંપરાગત પહેરવેશમાં વિવિધ પ્રાચીન રાસની ૩૦ કૃતિઓની અદભુત પ્રસ્તુતિ કરી હતી. જેમાં નમામિ દેવી નર્મદે, દીવા રાસ, મણિયારા સહિતના રાસો રજૂ થયા હતા. પ્રાચીન રાસમાં ખેલૈયાઓને જાતે જ કંઠસ્થ કરેલા રાસ ગાવાના હોય છે.

રમત ગમત યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનાં કમિશનર અને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર આયોજીત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી રાજકોટ સંચાલિત તથા એચ.જે. ઈન્ડસ્ટ્રી પ્રાઈવેટ લિમિટેડ ના આર્થિક સહયોગથી આ સ્પર્ધા યોજાઇ હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે જયપાલસિંહ ઝાલા (બરવાળા), કીર્તિદેવસિંહ ગોહિલ (ભાવનગર), ભાવના રાણા(જામનગર), વિપુલ ભટ્ટ અને મીરા ઉપાધ્યાય (રાજકોટ) રહ્યા હતા.

અર્વાચીન ગરબા સ્પર્ધામાં પ્રથમ અર્જૂનલાલ હિરાણી કોલેજ, અંબા ગ્રુપ કે.જી. ધોળકિયા સ્કુલ, તૃતીય જગદંબા ગ્રુપ એસ.જી. ધોળકિયા સ્કુલ, પ્રાચીન ગરબા સ્પર્ધામાં પ્રથમ નવદુર્ગા ગ્રુપ જી.કે ધોળકિયા સ્કુલ, દ્વિતિય શ્રી ખોડિયાળ ગ્રુપ કે.જી. ધોળકિયા તૃતીય આત્મીય ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રી તથા રાસ સ્પર્ધામાં પ્રથમ નટરાજ કલા મંદિર, દ્વિતિય કારડિયા રાજપુત રામ મંડળ, તૃતીય ખેલૈયા ગ્રુપ જી.કે ધોળકિયા સ્કુલ વિજેતા બની હતી. આ સ્પર્ધાના વિજેતા ખેલૈયાઓને મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહિત કરાયા હતા. આ તકે જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.વી. દિહોરા, દાતા, કલાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેશોદની આદર્શ નિવાસી શાળામાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતા સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ, તા.૨૭



સ્વચ્છતા હી સેવા અંતર્ગત વહીવટી તંત્રના માર્ગદર્શનમાં કેશોદ નગરપાલિકા દ્વારા સરકારી આદર્શ નિવાસી શાળા કેશોદ ખાતે શાળાના વિદ્યાર્થી સ્ટાફગણ અને નગરપાલિકાના સ્વચ્છ ભારત મિશન સ્ટાફની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ અને સ્વચ્છતા અંગે પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કેશોદ નગરપાલિકાના ચીફ ઓફિસર એમ.એમ.વાઘેલા, પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા, ઓફિસ સુપ્રિટેન્ડન્ટ પ્રવીણભાઈ વિઠલાણીના માર્ગદર્શનમાં આ મિશન સાથે જોડાયેલા નગરપાલિકાના વી.આર. ડઢાણીયા, ભરતભાઈ વણપરિયા જયદેવભાઈ ગઢવી, કારાભાઈ ઓડેદરા, વિદ્યાર્થીઓ અને સ્ટાફગણ દ્વારા શાળાના પટાંગણમાં 'એક પેડ માં કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ સાથે સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. શાળામાં વૃક્ષારોપણ, રમત ગમત,પર્યાવરણ જાગૃતિ જેવી પ્રવૃત્તિઓ જિલ્લા નાયબ નિયામક સી.પી.પવારના માર્ગદર્શનમાં આચાર્યશ્રી બી.એસ.ભાવસાર, એમ.ડી.દાહીમાં, ડો.હમીરસિંહ વાળા, એચ.એસ.મુછાળ, ગીરીશ બગીયા અને મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રી એ.કે.રાઠોડ અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રસંસનીય રીતે થઈ રહી છે ત્યારે નગરપાલિકા કેશોદ દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪ તથા નિર્મળ ગુજરાત ૨.૦ ની શહેરી વિસ્તારની પ્રવૃત્તિઓ માટે શાળાનાં વ્યાયામ શિક્ષક અને આઝાદ કલબના પ્રમુખ ડો.હમીરસિંહ વાળાની "બ્રાન્ડ એમ્બેસેડર"તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. આ તકે સ્વચ્છતા હી સેવા અંતર્ગત શહેરી વિસ્તારમાં રાત્રી સફાઈ, ફોગિંગ મશીન જેવી જુદા જુદા વિસ્તારમાં વિશેષ સફાઈ ચાલી રહી છે તયારે આ મિશનમાં જોડાઈ સ્વચ્છતા માટે સહયોગી અને સહભાગી થવા શાળાના વિદ્યાર્થી અને સ્ટાફ દ્વારા વિવિધ શાળા, કોલેજ અન્ય સંસ્થાઓ અને શહેરીજનોને અપીલ કરવામાં આવી હતી.

# રાજકોટના માનવતાવાદી સુવિખ્યાત પ્રોકટોલોજીસ્ટ આયુષ ડોકટર ફેડરેશનના પૂર્વપ્રમુખ ડો.વેકરીયાની સુશ્રુત પાઈલ્સ હોસ્પિટલનો ૩૯માં વર્ષમાં મંગલ પ્રવેશ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૭

થોડાં સમય પહેલાં જ ગુજરાતમાં સૌપ્રથમ 'આયુષ શિરોમણિ એર્વોડ' ગુજરાતના માનનીય આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના હસ્તે મેળવનાર તથા એ ઉપરાંત ધન્વંતરી એવોર્ડ, લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ, એમીનન્સ એવોર્ડ, સૌરાષ્ટ્રના બેસ્ટ પ્રોક્ટોલોજીસ્ટ એવોર્ડ જેવા અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડસ વિજેતા ડૉ. એમ.વી. વેકરીયા, હરસ-ભગંદર-ફીશરના ૩૦૦૦૦ ઓપરેશનો સફળતાપૂર્વક કરીને તેમજ સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ વાર અત્યાધુનિક અમેરીકન અલ્ટ્રાસોનીક ફોક્સ ટેકનોલોજી દ્વારા સુશ્રુત પાઈલ્સ હોસ્પિટલ ખાતે સફળ સારવાર આપી રહ્યા છે. તેમના પુત્ર ડો.બાહુલ વેકરીયા કાર્ડીયાક સર્જન તરીકે સીનર્જી હોસ્પિટલમાં અને પુત્રવધુ ડો. વિશ્વા વેકરીયા રેડીયોલોજીસ્ટ તરીકે ગવર્મેન્ટ પીડીયુ કોલેજ, રાજકોટમાં સેવા આપી રહેલ છે.

ડો.એમ.વી.વેકરીયાએ ૩૮ વર્ષોથી માનવતાસભર, ઉત્તમ અને ઉત્કૃષ્ટ સારવાર દ્વારા ગુજરાતભરમાં નામના મેળવી છે. તેઓનું હંમેશા પહેલેથી એક જ ધ્યેય રહ્યું છે કે સૌથી શ્રેષ્ઠ, ઉત્તમ અને સરળ સારવાર આપવી. ડો.વેકરીયા, મળમાર્ગના જટીલ દર્દોથી પીડાતા દર્દીઓને રાહત પહોચાડવા માટે જાપાનીઝ, જર્મન તેમજ અમેરીકન એડવાન્સ્ડ ટેક્નોલોજીઓનો સમાવેશ કરી સાથેસાથે આપણી પ્રાચીન આયુર્વેદ ક્ષારસૂત્રનો અને પોતાના વિશાળ અનુભવનો સુભગ સમન્વય કરીને આ રોગોની સફળતાપૂર્વક સારવાર વડે દર્દીઓને નિરામય જીવનની ભેટ સતત પ્રદાન કરતા રહ્યા છે. આજ સુધીમાં તેઓએ ૩૦૦૦૦થી વધુ સર્જરીઓ કરી છે અને લાખો દર્દીઓને ઉત્તમ સારવાર આપી છે.

વિશ્વવંદનીય સંતપુરૂષોની કૃપાદષ્ટિ અને હજારો દર્દીઓના અંતરના આશિષોની ફલશ્રૃતિ સ્વરૂપે રાજકોટ મહાનગરના એસ્ટ્રોન ચોકમાં આવેલ ડૉ.એમ.વી. વેકરીયાની 'સુશ્રુત' પાઈલ્સ હોસ્પિટલ આ ૨૭મી સપ્ટેમ્બરે ૩૯માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહેલ છે. હરસ-મસા-ભગંદર જેવા અત્યંત પીડાકારક દર્દોની સારવારના ક્ષેત્રે અત્યંત સફળ એવા ચાર દાયકાઓ પુરા કરી ચુકેલ 'સુશ્રુત' પાઈલ્સ હોસ્પિટલનું ઉદ્ઘાટન અક્ષરનિવાસી શાસ્ત્રી શ્રી ધર્મજીવનદાસજીના હસ્તે સુભાશિષ સાથે આજથી ૩૮ વર્ષ પહેલા થયેલ. આજ સુધીમાં ૩૨૧ જેટલા ફ્રી નિદાન અને સારવાર કેમ્પોમાં સેવા આપીને ડૉ.એમ.વી. વેકરીયાએ તેમના માનવીય પાસાનું તથા સેવાભાવનાનું પ્રેરણાદાયી દર્શન કરાવ્યું છે. તેના બદલામાં ઈશ્વરે પણ તેમના ઉપર પૂર્ણ રીતે કૃપા વરસાવી છે. ડૉ.વેકરીયાના પુત્ર ડૉ.બાહુલ વેકરીયા ગુજરાતની પ્રખ્યાત એવી રાજકોટ ખાતેની સીનર્જી હોસ્પિટલમાં કાર્ડિયાક સર્જન તરીકે સેવા આપી રહ્યાં છે. જ્યારે ડૉ. બાહુલ વેકરીયાના ધર્મપત્ની ડૉ.વિશ્વા વેકરીયા રેડીયોલોજીસ્ટ તરીકે ગવર્મેન્ટ પીડીયુ કોલેજ, રાજકોટમાં સેવા આપે છે. દિકરી બંસી વેકરીયાએ માસ્ટર ઓફ આર્કીટેકચર કરેલ છે, તેણી ઓસ્ટ્રેલિયામાં સરકારી ખાતામાં સેવા આપે છે.

આજથી એક દાયકા અગાઉ તા.૧૪ ફેબ્રુઆરી-૨૦૧૦ ના રોજ 'સુશ્રુત' પાઈલ્સ હોસ્પિટલનાં રિનોવેશન અને નવપ્રસ્થાનનું દિપપ્રાગટ્ય અને પુજાવિધિ તેઓના અક્ષરનિવાસી પુજ્ય માતૃશ્રી પાર્વતીબેન અને અક્ષરનિવાસી પુ. પિતાશ્રી વીરજીભાઈ અને પ.પુ. સ્વામીશ્રી અપુર્વ સ્વામીના વરદ હસ્તે સંપન્ન થયેલ અને તેનું ઉદ્ઘાટન આપણા લોકપ્રિય પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી અને પૂર્વ સાંસદ સ્વ. અભયભાઈ ભારદ્વાજ, ગુજરાતના કેબીનેટ મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયા, કોર્પોરેશન ફાઈનાન્સ બોર્ડના પૂર્વ ચેરમેન ધનસુખભાઈ ભંડેરી તથા પૂર્વ રાજકોટ ભાજપ અધ્યક્ષ નિતીનભાઈ ભારદ્વાજના વરદ હસ્તે થયેલ. તેઓ આર્થિક રીતે ગરીબ જરૂરીયાતમંદ દર્દીઓને અત્યાધુનિક એડવાન્સ્ડ અને કિંમતી ટેકનોલોજી દ્વારા રાહત દરે નિદાન સારવાર કાયમી ધોરણે આપી રહ્યા છે.

ડો.એમ.વી.વેકરીયાએ ૨૦૦૩ માં જહોનસન એન્ડ જહોનસન મેડીકલ ઈન્સ્ટીટ્યુટ, મુંબઈ ખાતે MIPH સ્ટેપ્લર ટેક્નોલોજીનો અભ્યાસ કરેલ છે અને HAL જાપાન ટેકનોલોજીનો અભ્યાસ ઓસ્ટ્રીયામાં કરેલ છે. તેમણે વેસલ સીલર અને પ્લગ ટેકનીક તથા અલ્ટ્રાસોનીક હાર્મોનિક ફોકસ-સ્કાલપેલનો અભ્યાસ જર્મની ખાતે વોએઝબર્ગ યુનિવર્સીટીમાં ૨૦૧૨ માં ટ્રેનીંગ




કોર્સ પૂર્ણ કરીને તેમની અનેક ઉપલબ્ધિઓમાં વધુ એકનો વધારો કરી તેઓની યશકલગીમાં ઉમેરો કર્યો છે. ૧૧ વર્ષ પહેલા તેઓને નાસિક ખાતે એનોરેકટલ કોન્ફરન્સમાં લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ પણ પ્રાપ્ત થયો હતો. તેઓએ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ધનવન્તરી એવોર્ડ મેળવી રાજકોટનું ગૌરવ વધાર્યુ છે. તેઓશ્રીને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શેહઝાન પદમશીના હસ્તે સૌરાષ્ટ્ર રીજીયન માટે એમીનન્સ એવોર્ડ અને સૌરાષ્ટ્રના બેસ્ટ પ્રોક્ટોલોજીસ્ટ એવોર્ડ-૨૦૧૯ પણ એનાયત થયો છે. થોડાં સમય પહેલાં જ ગુજરાતમાં સૌપ્રથમ 'આયુષ શિરોમણિ એર્વોડ' ગુજરાતના માનનીય આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના હસ્તે મેળવેલ અને આપણા રાજકોટનું જ નહીં પરંતુ સૌરાષ્ટ્રનું ગૌરવ વધારેલ છે. હાલમાં તેઓશ્રી છેલ્લી ૪ ટર્મથી રાજકોટ શહેર ભાજપ ડોક્ટર સેલના સહકન્વીનર હતા અને ગુજરાત મેડીકલ બુલેટીનના મેનેજીંગ સહતંત્રી હતા. ફેડરશન ઓફ આયુષ ડોક્ટર્સ- રાજકોટના પૂર્વ પ્રમુખ, કાલાવડ રોડ-યુનિવર્સીટી રોડ ડૉક્ટર્સ એસોસિયેશનના પૂર્વ પ્રમુખ અને હાલમાં ઘણા વર્ષોથી રાજકોટ ડૉક્ટર્સ ફેડરશનમાં ફાઉન્ડર મેમ્બર અને બીજેપીમાં કાયમી આમંત્રિત સદસ્ય તરીકે સેવા આપી રહ્યાં છે.

અક્ષરનિવાસી પ.પૂ.સ્વામી પ્રમુખ સ્વામી મહારાજ, અક્ષરનિવાસી સ્વામીશ્રી ધર્મજીવનદાસજી તેમજ દ્વારકાપીઠના બ્રહ્મલીન જગદ્ગુરૂ શ્રી શંકરાચાર્યજી મહારાજ, પૂજ્યશ્રી માધવપ્રિય સ્વામીજી, અપૂર્વ સ્વામીજી જેવા પવિત્ર સંતો-મહાપુરૂષોએ વખતોવખત ઉપસ્થિત રહીને 'સુશ્રુત' પાઈલ્સ હોસ્પિટલને હંમેશા પ્રેરણા, પ્રોત્સાહન અને આશીર્વાદ પુરા પાડયા છે. આ શુભ અવસરે રાજકોટ શહેરના નાગરીકો, ડોક્ટરમિત્રો, સ્નેહીજનો, શુભેચ્છકો, મીડીયાના મિત્રો, તેમજ દરેક સંસ્થા, આયુષ ડોક્ટર ફેડરેશન-વેકરીયા પરિવાર ફાઉન્ડેશન-ફુલછાબ માનવ સેવા ટ્રસ્ટ-માનવ ઉત્કર્ષ સેવા સમિતિ, જેસીસ કલબ, દરેક ડો.એસોસિએશન્સ, સરગમ ક્લબ, બોલબાલા ટ્રસ્ટ, રઘુવીર સેના, સરદાર પટેલ એસોસિએશન, મધુરમ ક્લબ તેમજ તેમની પાસે તબીબી સેવાઓનો લાભ મેળવી ચુકેલા સૌરાષ્ટ્ર-ગુજરાતના પીડામુક્ત બનેલા અસંખ્ય દર્દી ભાઈઓ-બહેનો એમ સૌ કોઈ તેમને અંતરની શુભેચ્છાઓ પાઠવી રહ્યાં છે. આ પ્રસંગે ડો.વેકરીયા દરેક શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર માને છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ૨૦૨૯ પહેલાં જ એક સાથે ચૂંટણી કરાવવાની વ્યવસ્થા કરી દેવામાં આવશે

મોદી સરકારના ત્રીજા કાર્યકાળના સો દિવસ પૂરા થતાં ગૃહમંત્રી અમિત શાહે જે રીતે એ સ્પષ્ટ કર્યું કે ૨૦૨૯ પહેલાં જ એક સાથે ચૂંટણી કરાવવાની વ્યવસ્થા કરી દેવામાં આવશે, તેનાથી એ સ્પષ્ટ છેકે સરકાર પોતાના આ મહત્ત્વાકાંક્ષી વાયદાને પૂરો કરવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રતિબદ્ધતાનો પરિચય એક સાથે ચૂંટણી કરાવવાને લઈને પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં રચાયેલી સમિતિથી પણ મળ્યો હતો. આ સમિતિએ વ્યાપક વિચાર-વિમર્શ બાદ પોતાના રિપોર્ટમાં એ અડચણોને દૂર કરવાના ઉપાય સૂચવ્યા છે, જે એક સાથે ચૂંટણી કરાવવામાં આડે આવી શકે છે. આ રિપોર્ટ એ જ દર્શાવે છે કે એક સાથે ચૂંટણીના વિરોધમાં અપાઈ રહેલા તર્ક મોટાભાગે ખોખલા જ છે. આ તર્ક એટલા માટે પણ ખોખલા સાબિત થાય છેકે ૧૯૬૭ સુધી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે જ થતી હતી. આખરે એ તથ્યના પ્રકાશમાં એ કઈ રીતે કહી શકાય કે એક સાથે ચૂંટણી કરાવવી બંધારણસંમત નથી? શું જ્યારે એક સાથે ચૂંટણીઓ થતી હતી તો શું તે બંધારણની ઉપેક્ષા કરીને થતી હતી? એની પણ અવગણના ન કરી શકાય કે હજુ પણ લોકસભાની સાથે ઓડિશા, આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમ વિધાનસભાની ચૂંટણીઓ થઈ. આખરે જ્યારે લોકસભાની સાથે ચાર રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ થઈ શકે છે તો બાકી રાજ્યોની કેમ ન થઈ શકે? વાસ્તવમાં આ દલીલ વિરોધ માટે વિરોધ કરવાની રાજનીતિનું જ ઉદાહરણ છે કે એક સાથે ચૂંટણી કરાવવી વ્યાવહારિક નથી.

એક સાથે ચૂંટણી માત્ર એટલા માટે જ ન થવી જોઈએ કે દેશને વારંવાર થનારી ચૂંટણીઓથી મુક્તિ મળશે. તે એટલા માટે પણ થવી જોઈએ, જેથી સંસાધનોની બચત સાથે ચૂંટણી માહોલને કારણે પેદા થનારી બિનજરૂરી રાજકીય કટુતાથી પણ બચી શકાય. વારંવાર ચૂંટણીઓ થતા રહેવાથી સરકારોએ પોતાની પ્રાથમિકતાઓમાં ફેરબદલ કરવા માટે પણ મજબૂર થવું પડે છે. તેનાથી વિકાસ અને જનકલ્યાણનાં કામ પ્રભાવિત થાય છે. એક સાથે ચૂંટણીમાં જો કંઈક બાધક છે, તો તે છે રાજકીય સંકીર્ણતા. રાષ્ટ્રહિતમાં આ સંકીર્ણતા છોડવી જ જોઈએ, જો વિરોધ પક્ષો છોડી શકે તો! શું એવા દેશોને ઓછા લોકતાંત્રિક કહી શકાય, જ્યાં સંસદની સાથે વિધાનસભાઓની ચૂંટણીઓ પણ થતી હોય? એ ઠીક નથી કે એક સાથે ચૂંટણીનો વિરોધ કરી રહેલ રાજકીય પક્ષ અન્ય રાજકીય અને ચૂંટણી સુધારાને અપનાવવાથી પણ બચી રહ્યા છે. સમયની માંગ તો એ જ છે કે તેમને ન માત્ર એક સાથે ચૂંટણી પર સહમત થવું જોઈએ, બલ્કે એવી કોઈ વ્યવસ્થા બનાવવા પર પણરાજી થવું જોઈએ, જેમાં ઉમેદવારોની પસંદગીમાં કાર્યકર્તાઓ અને સાથે જ જનતાની પણ ભાગીદારી હોય. હજુ તો ઉમેદવાર પસંદગીમાં મનમાની જ થાય છે. જોકે તેના દુષ્પરિણામો રાજકીય પક્ષો જ ભોગવે છે, પરંતુ કોઈ નથી જાણતું કે તેઓ ઉમેદવાર પસંદગીની લોકતાંત્રિક પ્રક્રિયા કેમ અપનાવવા નથી માગતા?

## ઓખાના દરિયામાં સર્ચ એન્ડ રેસ્ક્યુ વર્કશોપ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭ નેશનલ મેરીટાઈમ સર્ચ એન્ડ રેસ્ક્યુ બોર્ડના ઉપક્રમે મંગળવારે રાજ્યના છેવાડાના જિલ્લા દેવભૂમિ દ્વારકા નજીકના ઓખા ખાતે રાજ્ય કક્ષાની મેરી ટાઈમ સર્ચ એન્ડ રેસ્ક્યુ (એસ.એ.આર.) વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા મોકડ્રીલ યોજાઈ હતી. આ વર્કશોપમાં ભાગ લઈ અને લોકોને ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ વિશે માર્ગદર્શન આપીને જાગૃત કરવામાં આવ્યા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

મનુષ્ય જો પોતાનું મન સારું રાખે તો એનું શરીર પણ સારું બને છે. - શેક્સપીયર

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા વદ-૧૦ એકાદશીનું શ્રાધ્ધ તા.૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૨૩, પુષ્ય નક્ષત્ર, શિવ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૪૨, સૂ.અ.૬:૪૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નવિન કામગીરીમાં પ્રગતિ થાય. લાભની તક સાંપડે.
વૃષભ:વિશ્વાસે વહાણ ન ચલાવવું. જીવનસાથીનો સહકાર મળે.
મિથુન:પ્રવાસમાં હાનિ, કાર્યબોજમાં વધારો થાય.
કર્ક: મનમાં અશાંતિ અનુભવાય. ખટપટમાં ન પડવું હિતાવહ.
સિંહ: કાર્યમાં સફળતા મળે. અણધાર્યો લાભ થાય.
કન્યા: વ્યર્થ દોડા-દોડી રહે. મનમાં મૂંઝવણ રહે.
તુલા: ધીરજ અને ખંતપૂર્વક કાર્ય કરવું. આર્થિક લાભનો યોગ છે.
વૃશ્ચિક:નાણાંકીય પરિસ્થિતિમાં સુધારો થાય.
ધન: ખર્ચ પર કાબુ રાખવો. માનસિક ચિંતા હળવી બને.
મકર: કાર્યમાં સફળતા મળે. વેપારને લગતા કાર્યમાં સફળતા મળે.
કુંભ: મનમાં આનંદ-ઉત્સાહ રહે. પ્રવાસ-પર્યટનમાં સફળતા મળે.
મીન: એક સાંધો ત્યાં તેર તૂટે, ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.

### ૨૭મી સપ્ટેમ્બર વિશ્વ પ્રવાસન દિવસઃ આ વર્ષની થીમ છે 'પ્રવાસન અને શાંતિ'

# પ્રવાસન આર્થિક વિકાસને ટેકો આપે છે, સાંસ્કૃતિક વિનિમય અને સમજણને પ્રોત્સાહન આપે છે અને પ્રવાસનના મહત્વ વિશે જાગૃતિ વધે છે



● વિશ્વના સૌથી ઊંચા સ્ટેચ્યુ ઓફ યુનિટી, વિશ્વના સૌથી સુંદર સાત મ્યુઝિયમમાં સ્થાન પામેલું સ્મૃતિવન ભૂકંપ સ્મારક, દેશનો સૌથી લાંબો કેબલ સ્ટેડેડ બ્રિજ દ્વારકાનો સુદર્શન સેતુ દેશ -વિદેશના પ્રવાસીઓનું આકર્ષણ કેન્દ્ર રાજ્યમાં પ્રવાસનના વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા

● બજેટમાં રૂ.૨૦૯૮ કરોડની જોગવાઈ કરાઈ સમુદ્રી સીમાદર્શન તેમજ નડાબેડ બોર્ડર દર્શન થકી ગુજરાતમાં બોર્ડર ટૂરિઝમ પણ ખીલી રહ્યું છે

● પર્યટકે જે-તે પ્રવાસનના પર્યાવરણની પ્રકૃતિ અને સમુદ્રના સ્વાસ્થ્યને નુકસાન ન પહોંચે તેની તકેદારી રાખવી જોઈએ




(પંકજ ઝીબા દ્વારા)

સાતત્યપૂર્ણ વિકાસ અને ખાસ કરીને ગરીબી નાબૂદી માટે પ્રવાસનનો મુખ્ય સાધન તરીકે ઉપયોગ કરવાના ઉદ્દેશ સાથે, યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટૂરિઝમ ઓર્ગેનાઈઝેશન (યુએનડબલ્યુટીઓ) એ દર વર્ષે ૨૭ સપ્ટેમ્બરના રોજ વિશ્વ પર્યટન દિવસ ઉજવવાનો નિર્ણય કર્યો છે. ૧૯૮૦માં પ્રથમ વખત વિશ્વ પ્રવાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તારીખ ૧૯૭૦માં સંસ્થાના કાયદાઓને અપનાવવાની વર્ષગાંઠની ઉજવણી કરે છે, જેણે પાંચ વર્ષ પછી યુનાઈટેડ નેશન્સ ટૂરિઝમની સ્થાપના માટેનો માર્ગ મોકળો કર્યો હતો. દર વર્ષે વિશ્વ પર્યટન દિવસ એક ખાસ થીમ સાથે ઉજવવામાં આવે છે. આ વર્ષની થીમ "પ્રવાસન અને શાંતિ" છે. પ્રવાસનનું અનુશાસન ઘણા દેશોની અર્થવ્યવસ્થામાં પર્યટન-ક્ષેત્ર દેશની સમૃદ્ધિનું પ્રતીક છે, તે માત્ર સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર નથી કરતું, પરંતુ દેશની આર્થિક સ્થિતિને વધારવામાં પણ મહત્વનું નિર્વાસન પ્રદાન કરે છે.

"પર્યટન" શબ્દ લેઝર, વ્યવસાય અથવા અન્ય હેતુઓ માટે વિવિધ સ્થળોએ મુસાફરી કરવાની પ્રવૃત્તિનો સંદર્ભ આપે છે. "પર્યટન" શબ્દ "ટૂર" શબ્દ પરથી આવ્યો છે, જેનો મૂળ અર્થ પ્રવાસ હતો. આનંદ અથવા લેઝર માટે મુસાફરીનું વર્ણન કરવા માટે "પર્યટન" શબ્દનો ઉપયોગ ૧૯મી સદીની શરૂઆતનો છે. ૧૭મી સદીમાં પર્યટનની આધુનિક વિભાવનાની ઉત્પત્તિ શોધી શકીએ છીએ, જ્યારે પશ્ચિમ અને ઉત્તર યુરોપિયન દેશોના યુવાન ઉમરાવોએ ગ્રાન્ડ ટૂર તરીકે ઓળખાતું હતું - યુરોપની આસપાસની સફર (સામાન્ય રીતે ફ્રાન્સ, જર્મની, ઈટાલી અને ગ્રીસને આવરી લે છે. ઈતિહાસ, કલા અને સાંસ્કૃતિકને ભીંજવવાનો મુખ્ય હેતુ હતો.પર્યટનની પ્રથમ વ્યાખ્યા ૧૯૦૫માં ગાયર ફ્યુલર દ્વારા કરવામાં આવી હતી. પર્યટનમાં સામાન્ય રહેઠાણના સ્થળ કરતાં અન્ય કોઈ સ્થળે મુસાફરી અને રહેવાનો સમાવેશ થાય છે જે મુખ્યત્વે તેના ચોક્કસ આકર્ષણ અથવા આકર્ષણ માટે ખૂબ જ ગંતવ્યની મુલાકાત લેવા માટે કરવામાં આવે છે જે પ્રવાસીઓ માટે એક આવશ્યક પ્રેરણા તરીકે કાર્ય કરે છે. થોમસ કૂકને ઘણીવાર વિશ્વમાં "પર્યટનના પિતા" તરીકે ગણવામાં આવે છે. તેઓ બ્રિટિશ ઉદ્યોગસાહસિક હતા જેમણે લેઝર ટ્રાવેલને લોકપ્રિય બનાવવા અને ગોઠવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ૧૮૪૧માં, કૂકે લેસ્ટરથી લોફબરો સુધીની ટ્રેન પર્યટનનું આયોજન કર્યું, જે આધુનિક પ્રવાસનની શરૂઆતને ચિહ્નિત કરે છે. થોમસ કૂક (જન્મ નવેમ્બર ૨૨, ૧૮૦૮, મેલબોર્ન, ડર્બીશાયરમાં, અને અવસાન ઈંગ્લેન્ડ-૧૮ જુલાઈ, ૧૮૯૨, લેસ્ટર, લેસ્ટરશાયર) આયોજિત પ્રવાસના અંગ્રેજ સંશોધક હતા અને થોમસ કૂક એન્ડ સન, વિશ્વવ્યાપી ટ્રાવેલ એજન્સીના સ્થાપક હતા. જયારે રાય બહાદુર મોહન સિંહ ઓબેરોયને ભારતીય હોટેલ ઉદ્યોગના પિતા તરીકે ઓળખવામાં આવે છે. ઓબેરોય એક નેતા અને સ્વપ્રદ્રષ્ટા હતા જેમણે ભારતના આર્થિક વિકાસમાં યોગદાન આપવા માટે પ્રવાસન ઉદ્યોગની ક્ષમતાને ઓળખી હતી.

વિશ્વ પ્રવાસન દિવસ, જે સાંસ્કૃતિક સમજણને પ્રોત્સાહન આપવા અને ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપવા માટે પ્રવાસનના મહત્વ પર પ્રકાશ પાડે છે. ૨૦૨૪ માં, થીમ પ્રવાસન અને વિશ્વ શાંતિ વચ્ચેના મહત્વપૂર્ણ જોડાણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, પ્રવાસીઓ અને ઉદ્યોગના હિતધારકોને જવાબદાર પ્રવાસનને અપનાવવા વિનંતી કરે છે. યજમાન દેશ તરીકે જ્યોર્જિયા સાથે, આ વર્ષની ઉજવણી પ્રદેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને કુદરતી સૌંદર્યને દર્શાવે છે. પર્યટનની અસર અને વધુ ટકાઉ અને સુમેળભર્યું વિશ્વ બનાવવાની તેની સંભવિતતાને ઓળખવા માટે વૈશ્વિક સમુદાયમાં જોડાવવાની તક આપે છે. તેમજ વિશ્વભરમાં પર્યટનના મહત્વ અને તેના સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક પ્રભાવને ઓળખે છે. આ દિવસનો ઉદ્દેશ્ય ભાવિ પેઢીઓ માટે વધુ ટકાઉ અને સમાન પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો છે. આ વર્ષે, વિશ્વ પ્રવાસન દિવસ પર્યટન અને વિશ્વ શાંતિ વચ્ચેના જોડાણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં યુનાઈટેડ નેશન્સ વિવિધ સંસ્કૃતિઓને સમજવા અને ટકાઉ પ્રવાસનને પ્રોત્સાહન આપવાના મહત્વને પ્રકાશિત કરે છે. દર વર્ષે, ઈવેન્ટમાં એક થીમ રજૂ કરવામાં આવે છે જે પર્યટનના વિવિધ પાસાઓને પ્રકાશિત કરે છે, જેમાં તાજેતરના ટકાઉપણું અને જવાબદાર મુસાફરી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સહકારને પ્રોત્સાહન આપવા અને પ્રવાસીઓ અને યજમાન સમુદાયો બંનેને લાભ આપતા ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપવા માટે વિશ્વભરના દેશો પરિષદો, પ્રદર્શનો અને સમુદાય પ્રવૃત્તિઓમાં જોડાય છે. આ દિવસ વિવિધ કાર્યક્રમો દ્વારા ચિહ્નિત થયેલ છે, જેમાં સાંસ્કૃતિક પ્રદર્શન, શૈક્ષણિક પહેલ અને પર્યટનના ફાયદાઓ વિશે જાગૃતિ લાવવાના હેતુથી વર્કશોપનો સમાવેશ થાય છે.પ્રવાસ માત્ર મનોરંજન, આનંદ, શૈક્ષણિક હેતુ માટે જ નહીં, ધંધા-રોજગાર, મેડિકલ, સામાજિક, ધાર્મિક, અધ્યાત્મ-આત્મ ખોજ સહિત અનેક કારણોસર થતો હોય છે. પ્રવાસનની આર્થિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા છે. તે રોજગારીનું સર્જન કરે છે, જ્ઞાન-અનુભવમાં વૃદ્ધિ કરે છે, સાંસ્કૃતિક-સામાજિક એકતાને દ્રઢ બનાવે છે. વિશ્વના અનેક દેશો અને પ્રાંતો ટૂરિઝમ પર નભે છે. યુએન ટુરીઝમ પર્યટન માટે વૈશ્વિક નૈતિક સંહિતાના અમલીકરણને પ્રોત્સાહિત કરે છે, પર્યટનના સામાજિક-આર્થિક યોગદાનને મહત્તમ કરવા માટે અને તેની સંભવિત નકારાત્મક અસરોને ઘટાડી શકાય છે, અને ટકાઉ વિકાસ લક્ષ્યો (જીડ્ડ) હાંસલ કરવા માટે એક સાધન તરીકે પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વમાં ગુજરાતનો પ્રવાસન, બિઝનેસ, રોજગારી, અધ્યાત્મિક તેમજ ઔદ્યોગિક રોકાણ સહિત તમામ ક્ષેત્રે ૩૬૦ ડિગ્રી વિકાસ થયો છે. જેની નોંધ આજે સમગ્ર વિશ્વ લઈ રહ્યું છે. વર્તમાનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિકાસની આ શ્રૃંખલાને અવિરત આગળ ધપાવી રહ્યા છે ત્યારે દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત હંમેશા પસંદગીનું રાજ્ય બન્યું છે. રાજ્યમાં ગત વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૮.૫૯ કરોડથી વધુ પ્રવાસીઓ ગુજરાતના મહેમાન બન્યા હતા. ભારતભરમાંથી મુખ્યત્વે ધાર્મિક, બિઝનેસ, હેરિટેજ અને લીઝર એટલે કે પોતાના વ્યસ્ત જીવનમાંથી આનંદ માણનાર એમ ચાર ક્ષેત્રે રસ ધરાવતા પ્રવાસીઓ ગુજરાતની મુલાકાતે આવે છે. ધાર્મિક પ્રવાસન ક્ષેત્રે ગુજરાત હર હંમેશ અગ્રેસર રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસને સતત વેગ આપવાથી દેશ-વિદેશના પ્રવાસીઓમાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે, જેના પરિણામે જે –તે વિસ્તારોમાં સ્થાનિક રોજગારીનું પ્રમાણ પણ વધ્યું છે, જેનો સીધો લાભ રાજ્યના નાગરિકો મેળવી રહ્યા છે.ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી કાળના સમયથી જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રવાસનની દૂરંદેશી પારખતા પ્રવાસનનો વ્યાપ વધારવા પ્રોત્સાહન આપ્યું છે. શ્રી નરેન્દ્રભાઈએ વિશ્વના સૌથી ઊંચા સ્ટેચ્યુ ઓફ યુનિટી (૧૮૨ મીટર ઊંચાઈ)નો પાયો નાખવાથી લઈને મહાત્મા મંદિર સહિત અનેકવિધ પ્રવાસન સ્થળોનો વિકાસ કર્યો છે. તેમાંયે કચ્છમાં પ્રવાસનને વેગ આપવા બોલિવૂડના મહાનાયક શ્રી અમિતાભ બચ્ચનને ગુજરાત પ્રવાસનના બ્રાન્ડ એમ્બેસેડર બનાવાયા હતા. બચ્ચને ''કુછ દિન તો ગુજારીયે ગુજરાત મેં'' કરેલી અપીલે અનેક લોકોને ગુજરાતમાં આકર્ષ્યા છે. પ્રવાસન થકી રોજગારીના સર્જન માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના નાગરિકોને પોતાની ક્ષમતા મુજબ, પરિવાર સાથે નાનો-મોટો પ્રવાસ કરવા અને 'લોકલ ફોર વોકલ' અભિયાનને પ્રોત્સાહન માટે સ્થાનિક લોકો પાસેથી વસ્તુઓ ખરીદવા પણ અપીલ કરેલી છે. ગુજરાત સરકારે પ્રવાસનને ઉદ્યોગ જાહેર કરેલો છે અને ટૂરિઝમ પોલિસી પણ જાહેર કરેલી છે. ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજ્યમાં પ્રવાસનના વિકાસ માટે સતત સક્રિયતાથી કાર્ય કરી રહ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈએ તાજેતરમાં જ દ્વારકાના ગાંધવી ખાતે હર્ષદમાતાજીના સાંનિધ્યમાં હરસિદ્ધિ સાંસ્કૃતિક વનનું લોકાર્પણ કરીને, નાગરિકોને એક નવીન પ્રવાસન સ્થળની ભેટ આપી છે. ઉપરાંત હર્ષદ માતા મંદિર ધામના વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૨૫ કરોડ તથા રાજ્ય સરકાર દ્વારા રૂ.૭.૫ કરોડની ફાળવણીની જાહેરાત કરાયેલી છે. કચ્છમાં આવેલા ધોરડો (રણોત્સવ) ગામે વર્ષ ૨૦૨૩માં, સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પ્રવાસન સંગઠન (યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ટૂરિઝમ ઓર્ગેનાઈઝેશન – દ્રઉ)નો 'બેસ્ટ ટૂરિઝમ વિલેજ'નો ખિતાબ જીત્યો હતો. વિશ્વભરના ૫૪ ઉત્તમ ફરવાલાયક સ્થળોમાં ધોરડોએ સ્થાન હાંસલ કર્યું છે.કાળીયાર રાષ્ટ્રીય અભયારણ્યે ઈમર્જિંગ ડેસ્ટિનેશન એવોર્ડ (વાઈલ્ડ લાઈફ) જીત્યો છે. જ્યારે રાણીની વાવે હેરિટેજ ડેસ્ટિનેશન એવોર્ડ જીત્યો છે. આ જ સર્વે અને એવોર્ડમાં સાસણગીરે વાઈલ્ડ લાઈફ ડેસ્ટિનેશન એવોર્ડ અંકે કર્યો છે. ગુજરાત રાજ્યમાં ચાર યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ આવેલી છે, જે રાજ્યના સમૃદ્ધ ઐતિહાસિક વારસા અને પ્રવાસનના પ્રતીક સમાન છે.ચાંપાનેરને વર્ષ ૨૦૦૪માં વર્લ્ડ હેરિટેજ સાઈટ ઘોષિત કરાયું હતું. એ પછી વર્ષ ૨૦૧૪માં પાટણ જિલ્લામાં આવેલી રાણીની વાવ, વર્ષ ૨૦૧૭માં અમદાવાદ શહેરને હેરિટેજ સિટી તેમજ વર્ષ ૨૦૨૧માં કચ્છમાં આવેલા આશરે પાંચ હજાર વર્ષ પુરાતન નગર ધોળાવીરાને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરાયેલું છે. ધોરડો ખાતે સફેદ રણમાં શરૂ કરાવેલો ''રણોત્સવ'' આજે દેશ-વિદેશના પ્રવાસીઓનું આકર્ષણ કેન્દ્ર બન્યો છે. ઉપરાંત બુદ્ધિસ્ટ સર્કિટ, ગાંધી સર્કિટ તેમજ હવે તો કૃષ્ણ સર્કિટ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. બેટ દ્વારકાને જોડતા આધ્યાત્મિક સેતુ સમાન ૨૩૦૦ મીટર લાંબા અને રૂ.૯૭૮ કરોડથી વધુના ખર્ચે કેબલ સ્ટેડેડ બ્રિજ 'સુદર્શન સેતુ'ને જનતાને સમર્પિત કર્યો હતો. આ બ્રિજ દ્વારકા આવતા દેશ-વિદેશના સહેલાણીઓનું આકર્ષણ કેન્દ્ર બન્યો છે. ઉપરાંત વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૨૨ના ઓગસ્ટમાં ભુજમાં ૨૦૦૧ના ભૂકંપના દિવંગત નાગરિકોના સ્મરણમાં વૈશ્વિક કક્ષાના 'સ્મૃતિવન ભૂકંપ સ્મારક'નું લોકાર્પણ કર્યું હતું. યુનેસ્કો દ્વારા દર વર્ષે આર્કિટેક્ચર અને ડિઝાઈનના ક્ષેત્રનો પ્રતિષ્ઠિત 'પ્રિક્સ વર્સેઈલ્સ' એવોર્ડ જાહેર કરાય છે. જે અંતર્ગત ભુજના સ્મૃતિવનને વિશ્વના સાત સૌથી સુંદર મ્યુઝિયમમાં સ્થાન મળ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા પ્રવાસનના વિકાસને ઉત્તેજન આપવા ચાલુ વર્ષના બજેટમાં પ્રવાસન માટે રૂ. ૨૦૯૮ કરોડની જોગવાઈ કરવામાં આવેલી છે. આ સાથે પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાના માર્ગદર્શનમાં રાજ્યમાં વિવિધ પ્રવાસન સ્થળોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

આજે ભારતના વાઘા બોર્ડર સીમાદર્શનની જેમ ગુજરાતનું 'નડાબેટ સીમાદર્શન' પ્રવાસીઓમાં ફેવરિટ બન્યું છે. તેનાથી પ્રેરાઈને રાજ્યના સમુદ્ર સીમાદર્શનના વિકાસ માટે ચૌહાણનાલા, કોરીક્રિક વિસ્તાર વગેરેના વિકાસ માટે સરકારે રૂ.૧૪૫ કરોડના આયોજન પૈકી રૂ.૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યના પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરાએ આ વર્ષના ફેબ્રુઆરી માસમાં, દેશમાં પહેલીવાર કચ્છના કોટેશ્વર તીર્થધામ નજીક લક્કી નાલા વિસ્તારથી સમુદ્રી સીમાદર્શનનો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવ્યો હતો. આ રીતે બોર્ડર ટૂરિઝમને પણ રાજ્યમાં વેગ અપાઈ રહ્યો છે.

ગુજરાતમાં 'વર્લ્ડ ક્લાસ સસ્ટેનેબલ ટૂરિસ્ટ પિલ્ગ્રિમેજ' તરીકે ઉત્તર ગુજરાતના અંબાજી-ધરોઈ- તારંગા વડનગર વિસ્તારને વિકાસવામાં આવી રહ્યા છે. જેનાથી પ્રવાસન ક્ષેત્રે મોટા પ્રમાણમાં રોજગારીના સર્જનની સાથે સાંસ્કૃતિક ધરોહરનું સંરક્ષણ અને વિકાસ પણ થશે.

ગુજરાત સરકાર બીચના વિકાસ પર ધ્યાન આપી રહી છે. દ્વારકા નજીક આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત બ્લૂ ફ્લેગ બીચ શિવરાજપુર ખાતે હાલ રૂ. ૨૦૦ કરોડના કામ પ્રગતિ હેઠળ છે. વેરાવળના સોમનાથ બીચ, પિંગલેશ્વર બીચ, માંડવી-કચ્છના અસારમા બીચ, મૂળ દ્વારકા બીચ વગેરેના વિકાસ માટે પણ બજેટમાં રૂ.૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલી છે.

ઉપરાંત અંબાજી, વાંસદા કચ્છના કોટેશ્વર વગેરે જેવા સ્થળોએ જંગલ સફારી તેમજ ઈકો ટૂરિઝમના વિકાસ માટે બજેટમાં રૂ.૧૭૦ કરોડના આયોજન પૈકી રૂ.૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીતા, તેમણે સ્થાપિત-શરૂ કરાવેલા વિવિધ વૈશ્વિક કક્ષાના પ્રવાસન સ્થળો તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સક્રિય નેતૃત્વમાં પ્રવાસનને વેગ આપતી વિવિધ યોજનાઓ થકી ગુજરાત આજે વિશ્વભરના પ્રવાસીઓનું નિવાસી 'ટૂરિઝમ' તરીકે ઉભરી રહ્યું છે.

ટુરીઝમનો ઉદેશ : ઉભરતી અર્થવ્યવસ્થાઓ અને વિકાસશીલ દેશો માટે પ્રવાસન મહાન તકો પ્રદાન કરે છે. તે નોકરીઓનું સર્જન કરે છે, સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવે છે, સ્થાનિક માળખાગત વિકાસમાં ફાળો આપે છે અને કુદરતી પર્યાવરણ અને સાંસ્કૃતિક સંપત્તિઓ અને પરંપરાઓનું સંરક્ષણ કરવામાં અને ગરીબી અને અસમાનતા ઘટાડવામાં મદદ કરી શકે છે. પર્યટન, સેવાઓની વ્યાપારી જોગવાઈનો ઉપયોગ કરતી વખતે મનોરંજન, આરામ અને આનંદની શોધમાં ઘરથી દૂર સમય પસાર કરવાની ક્રિયા અને પ્રક્રિયા.

# પુરાણોમાં વર્ણિત શ્રાદ્ધનું મહાત્મ્ય

સનાતન ધર્મમાં શ્રાદ્ધનો વિશેષ મહિમા ગવાયો છે. આપણા મૃતક સ્વજનોને યાદ કરી તે નિમિત્તે ભાદરવા મહિનાના કૃષ્ણ પક્ષમાં કરાતી ધાર્મિક ક્રિયા ને શ્રાદ્ધ તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસો પિતૃ દેવોને પ્રસન્ન કરવા માટે શ્રેષ્ઠ ગણાય છે. આપણા મૃતક સ્વજનો ને પિતૃ દેવ ની ઉપમા આપવામાં આવી છે. એક મત એવો પણ છે કે, જેના પર પિતૃ દેવતાઓ નારાજ હોય છે તેના ઉપર દેવતાઓ પણ પ્રસન્ન થતા નથી. પિતૃ દેવતાઓને પ્રસન્ન રાખવા અત્યંત જરૂરી ગણાય છે. બીજી રીતે જોવા જઈએ તો પિતૃ દેવતાઓને આપણે યાદ કરીએ તો આપણા પરિવારના સંસ્કારો અને મર્યાદાની છાપ આપણા મનમાં કાયમ અંકિત રહી શકે. અને પરિવારના બાળકોમાં પણ પરિવારની સંસ્કારો અને મર્યાદાની પરંપરા નો વારસો ઉતરે. આપણા ઋષિ મુનિઓએ આપણને જીવન જીવવાની જે પદ્ધતિ આપી છે તેની તરફ આજે વિશ્વ આકર્ષિત થઈ રહ્યું છે. આજે વિદેશીઓ ભારતીય સંસ્કૃતિ અને જીવન પદ્ધતિ અપનાવવા પ્રત્યે પાગલ બની રહ્યા છે. જે આપણે સૌ સારી રીતે જાણીએ છીએ.

સનાતન ધર્મમાં મનુષ્ય એ કેવી રીતે જીવન જીવવું ? કેવું જીવન જીવવું ? તે તમામ બાબતોનો આપણને વેદો અને પુરાણો માંથી માર્ગ મળે છે. ભારતીય સનાતન ધર્મના નવા વર્ષથી દિવાળી સુધી સમગ્ર વર્ષ દરમિયાન નાના-મોટા વ્રત તહેવારો ની ઉજવણી કરવાની પદ્ધતિ આપનારા આપણા ઋષિમુનિઓ આપણને હંમેશા આનંદ અને ઉલ્લાસમાં રહેવાના માર્ગે ચાલવાનો સંદેશ આપતા હોય તેવું લાગે છે. આપણા ધર્મમાં મૃત્યુને પણ મંગલમ ગણાવ્યું છે. ત્યારે શ્રાદ્ધ દ્વારા એ દિવસોમાં આપણા પિતૃ દેવતાઓને યાદ કરવા માટે પુરાણોમાં પણ વર્ણન જોવા મળે છે. પુરાણોમાં યોગ્ય રીતે શ્રાદ્ધ કરવાથી થનારા લાભ વિશે પણ જણાવવામાં આવ્યું છે. "મહર્ષિ સુમન્તુ"એ જણાવ્યું છે કે પોતાના જીવનની સુખી કરવા માટે આ સમગ્ર સંસારમાં શ્રાદ્ધથી વધારે બીજો કોઈ કલ્યાણપ્રદ માર્ગ જ નથી. માટે જ બુદ્ધિમાન મનુષ્યએ જાગૃત રહીને ધીરજ અને શ્રદ્ધા સાથે શ્રાદ્ધ અવશ્ય કરવું જોઈએ.

"ગરૂડ પુરાણ"માં પિતૃ પૂજન એટલે કે શ્રાદ્ધ કર્મ કરનારને જીવનના તમામ સુખો અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે તેવુ સ્પષ્ટ જણાવ્યું છે. "અત્રિ સંહિતા"માં એવો ઉલ્લેખ જોવા મળે છે કે, જો પુત્ર, ભત્રીજો, ભાઈ, પૌત્ર, દોહીત્ર પિતૃ કાર્યમાં જોડાઈ શ્રદ્ધાદિકકર્મ યોગ્ય રીતે પ્રતિવર્ષ કરે તો તે સુખમય જીવન જીવી જીવનના અંતે પરમગતિને પ્રાપ્ત કરે છે.

" દેવલ સ્મૃતિ "અનુસાર શ્રદ્ધાપૂર્વક શ્રદ્ધાદિક કર્મો કરનારા વ્યક્તિ નિરોગી સ્વાસ્થ્ય દીર્ઘાયુ યોગ્ય સંતતિ પ્રાપ્ત કરનાર ધનવાન અને ધનોપાર્જન કરનાર થાય છે. શ્રાદ્ધ કરવા વાળા મનુષ્ય વિવિધ શુભ ફળોને પ્રાપ્ત કરે છે. પરલોકમાં તેને સંતોષ પ્રાપ્ત થાય છે. તેના આલોક અને પરલોક બંને સુધરી જાય છે. અને આ લોકમાં સદાય લક્ષ્મીજીના કૃપાપાત્ર બની રહે છે. "હેમાદ્રી"ના નાગર ખંડમાં કહ્યું છે કે, એક દિવસના શ્રાદ્ધથી પિતૃગણ વર્ષભર તૃપ્ત રહી શ્રાદ્ધ કરનાર થી સંતુષ્ટ રહે છે.

" બ્રહ્મ પુરાણ" અનુસાર પિતૃ પક્ષ એટલે કે શ્રાદ્ધ પક્ષમાં શ્રદ્ધાને ભક્તિ સાથે શ્રાદ્ધ કરે છે, તેના પિતૃઓ સંતુષ્ટ થાય છે. જેના કારણે તેના કુળમાં કોઈપણ દુ:ખી થતું નથી.

"કૂર્મ પુરાણ"માં વર્ણન જોવા મળે છે કે જે વ્યક્તિ પ્રતિ વર્ષ પિતૃ પક્ષમાં એકાગ્રચિત્ત થઈને પિતૃ દેવોને ઉદેશીને શ્રાદ્ધ કરે છે તે તમામ પાપોથી રીત થઈ અને મુક્તિ પ્રાપ્ત કરે છે. વળી," વિષ્ણુ પુરાણ"માં કહ્યું છે કે, શ્રદ્ધા યુક્ત થઈને શ્રાદ્ધ કર્મ કરનારા ના પિતૃઓ જ નહીં પરંતુ બ્રહ્મા, ઈન્દ્ર ,રૂદ્ર, બંને અશ્વિની કુમાર, સૂર્ય, અગ્નિ, અષ્ટવસુ, વાયુ, વિશ્વદેવ, ઋષિ, મનુષ્ય, પશુ -પક્ષી સહિત સમસ્ત ભૂત પ્રાણી તૃપ્ત થાય છે. જયારે" યમ સ્મૃતિ" માં કહ્યું છે કે, જે લોકો દેવતા બ્રાહ્મણ અગ્નિ અને પિતૃગણની પૂજા કરે છે તે સૌના અંતર આત્મામાં રહેલા વિષ્ણુ ની પૂજા કરે છે.

આ ઉપરાંત વેદ, પુરાણો, ધર્મગ્રંથોમાં શ્રાદ્ધનો વિશેષ મહિમા ગવાયો છે. તેથી સ્પષ્ટ થાય છે કે, શ્રાદ્ધ કર્મ કરવાથી માત્ર પિતૃઓ તૃપ્ત નથી થતા, પરંતુ શ્રાદ્ધ કરનારાઓને પણ તેનું વિશિષ્ટ ફળ પ્રાપ્ત થાય છે. ત્યારે આપણે વર્ષ માં માત્ર પિતૃ પક્ષમાં આવતી પિતૃ દેવતાઓની તિથિએ શુદ્ધ જળ, તલ, જવ, તુલસી પત્ર અને પુષ્પ આદીથી શ્રાદ્ધની વિધિ સંપન્ન કરવી જોઈએ. બ્રાહ્મણની સાથે સાથે કાગડા, ગાય, શ્વાન, કીડી- મંકોડા ને પણ ભોજન કરાવવું જોઈએ. આ રીતે પિતૃ પ્રત્યે આપણું જે ઋણ છે તે ઉતારવાનો પ્રયત્ન કરવો જોઈએ. પોતાના પરમ આરાધ્ય પિતૃ દેવતાઓ પ્રત્યે શ્રાદ્ધ કર્મ દ્વારા સંતુષ્ટી કરાવવાની પોતાની શક્તિ અને સામર્થ્ય પ્રમાણે ક્રિયા કરવાથી આધ્યાત્મિક, આધિદૈવીક અને આધી ભૌતિક સુખની પ્રાપ્તિ કરી શકાય છે.

શ્રાદ્ધ- સરિતા :-દેવેન કનકચંદ્ર વ્યાસ

# સોનાના ભાવ આસમાને : આ તેજસ્વી ધાતુમાં તેજી ચાલુ રહેવાની શક્યતા શા માટે છે ?

## આ વર્ષે અત્યાર સુધીમાં ડૉલરના સંદર્ભમાં આ કિંમતી ધાતુમાં ૩૦ ટકાનો વધારો થયો છે, ભારતમાં ૨૦૨૪માં સોનાની કિંમતો લગભગ ૧૯ ટકા વધી છે



અમદાવાદ તા.૨૭
સોનું એ તેજસ્વી ધાતુ છે અને આ ધાતુના ભાવ બુધવારે એમસીએક્સ (મલ્ટિ કોમોડિટી એક્સચેન્જ) પર ૭૬,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની નવી ઊંચી સપાટીએ પહોંચી ગયા હતા. વિદેશમાં સોનું બુધવારે ૨૬૬૫ ડૉલર પ્રતિ ઔંસ ઉપર પહોંચ્યું હતું, જેણે એક દિવસ અગાઉ ૨૬૪૮ ડૉલર પ્રતિ ઔંસની તેની અગાઉની ઊંચી સપાટી સર કરી હતી. આ વર્ષે અત્યાર સુધીમાં ડૉલરના સંદર્ભમાં કિંમતી ધાતુમાં ૩૦ ટકાનો વધારો થયો છે. ભારતમાં ૨૦૨૪માં કિંમતો લગભગ ૧૯ ટકા વધી છે. આ વિશાળ વધારાનું કારણ શું છે ? તેના ત્રણ મુખ્ય કારણો છે. યુએસ ફેડરલ રિઝર્વે તાજેતરમાં તેના વ્યાજ દરમાં ૫૦ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો કર્યો છે અને એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના બાકીના સમયગાળામાં અન્ય ૫૦ બીપીએસનો ઘટાડો થશે, ત્યારબાદ ૨૦૨૫માં વધુ કાપ આવશે. સામાન્ય રીતે સોના અને વ્યાજદરોમાં વ્યસ્ત સંબંધ છે. તેથી જ્યારે વ્યાજદરો ઘટે છે, ત્યારે સોનાના ભાવ વધે છે. નીચા વ્યાજદર સોનાને વધુ આકર્ષક બનાવે છે અને તેથી માંગમાં વધારો થાય છે. ઉપરાંત સોનાને સુરક્ષિત રોકાણ માનવામાં આવે છે. જ્યારે આર્થિક અનિશ્ચિતતા હોય ત્યારે પણ સોનું ચલણમાં હોય છે. વિશ્વભરની અન્ય મુખ્ય સેન્ટ્રલ બેંકોએ ફુગાવો અને આર્થિક અનિશ્ચિતતાઓમાં વધારો થતાં તેમના વ્યાજદરોમાં ઘટાડો કરવાનું શરૂ કર્યું છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પણ ઓકટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં વ્યાજદરમાં ઘટાડો કરવાનું શરૂ કરે તેવી ધારણા છે. ઉચ્ચ ભૌગોલિક રાજકીય તણાવ આર્થિક અનિશ્ચિતતાઓ છે. યુક્રેન-રશિયા સંઘર્ષ સમાપ્ત થવાના કોઈ ચિહ્નો દેખાતો નથી, ઈઝરાયેલ લેબેનોનમાં હિઝબુલ્લાહ ઉપર તેના હુમલાને આગળ વધારતા મધ્ય-પૂર્વમાં સર્વત્ર યુદ્ધની શક્યતાઓ ઊભી થઈ છે. યુ.એસ.માં તાજેતરમાં નબળા શ્રમ બજારને કારણે મંદીની સંભાવના વધી છે. ફેડરલ રિઝર્વ દ્વારા ૫૦ બેઝિસ પોઈન્ટ રેટના ઘટાડા બાદ સોનાના ભાવમાં વધારો થયો છે. મધ્ય પૂર્વીય પ્રદેશમાં ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચેના સંઘર્ષને કારણે સતત ભૌગોલિક રાજકીય જોખમોએ પણ તેમાં ફાળો આપ્યો છે. સોના ઉપર વજન ધરાવતું બીજું પરિબળ ચીન છે. ૨૦૨૪ની શરૂઆતમાં રિયલ એસ્ટેટ જેવા અન્ય ક્ષેત્રોમાં મંદી વચ્ચે, ચીની રોકાણકારો અને ગ્રાહકો મોટાપાયે સોનાની ખરીદી કરી રહ્યા હતા અને પીપલ્સ બેંક ઓફ ચાઈના પણ સોનાની મોટી ખરીદદાર રહી છે. ચીનની સેન્ટ્રલ બેંકે નબળી પડી રહેલી અર્થવ્યવસ્થા વચ્ચે આ અઠવાડિયે વ્યાજ દરમાં વધુ ઘટાડાની જાહેરાત કરી છે. ચીન ૨૨૦૦ ડૉલરથી વિવિધ પ્રાઈસ પોઈન્ટ ઉપર સોનું એકઠું કરી રહ્યું છે. દેશમાં સોનાના ભાવમાં ઉછાળો એવા સમયે આવ્યો છે જ્યારે દક્ષિણમાં ઓણમ, પશ્ચિમમાં ગણેશ ચતુર્થી અને પૂર્વમાં ટૂંક સમયમાં જ દુર્ગા પૂજા સાથે તહેવારોની મોસમ શરૂ થઈ છે. તેનાથી સોનાની માંગ જળવાઈ રહેશે. તહેવારોની સિઝન શરૂ થઈ ગઈ હોવાથી સેન્ટિમેન્ટ ઉત્સાહિત છે. જો કે, હાલમાં શ્રાદ્ધના સમયગાળાને કારણે ઓછી માંગ જોવા મળી શકે છે, પરંતુ ધનતેરસ સુધી અને નવરાત્રિના પ્રારંભમાં તે વેગ પકડે તેવી અપેક્ષા છે. બજારના નિરીક્ષકો અપેક્ષા રાખે છે કે, આ ભાવ આગામી મહિનાઓમાં ઊંચા રહેશે. નજીકના ભવિષ્યમાં સોનું ૨૭૦૦ ડૉલરને સ્પર્શી શકે છે, લાંબાગાળાના અંદાજ સાથે ૨૯૦૦ ડૉલરની આસપાસ તેનો ભાવ રહેશે. સ્થાનિક રીતે સોનું રૂા.૭૮,૦૦૦ પ્રતિ દસ ગ્રામને પાર કરી શકે છે.

# ગ્રાન્ટેડ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં ચાર હજાર શિક્ષણ સહાયકની ભરતી કરાશે

- ભરતી માટે ૧૦ ઓકટોબરથી ૨૧ ઓકટોબર દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે
- ગ્રાન્ટેડમાં ૨૪૮૪ અને સરકારીમાં ૧૬૦૮ જગ્યાઓ ઉપર શિક્ષણ સહાયકની ભરતી કરવામાં આવશે

અમદાવાદ, તા.૨૭
રાજ્યની ગ્રાન્ટેડ અને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની નિમણૂક માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં ૧૦ ઓકટોબરથી ૨૧ ઓકટોબર દરમ્યાન ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકશે. TAT-HS ૨૦૨૩ પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનારા ઉમેદવારો ભરતી માટે અરજી કરી શકશે. ગ્રાન્ટેડ સ્કૂલોમાં ૨૪૮૪ અને સરકારી સ્કૂલોમાં ૧૬૦૮ મળી કુલ ૪૦૯૨ જગ્યાઓ ઉપર ભરતી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યના શિક્ષણ વિભાગના ઠરાવની જોગવાઈ અનુસાર રાજ્યની બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં (ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી માધ્યમમાં) શિક્ષણ સહાયકની પસંદગી અંગે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓની કચેરી મારફત મળેલી અંદાજિત ખાલી જગ્યાઓ ઉપર શિક્ષણ સહાયકની નિમણૂક અર્થે દ્વિસ્તરીય TAT (HS) ૨૦૨૩ના ગુણ આધારિત મેરિટના ધોરણે પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત ધરાવતા, દ્વિસ્તરીય TAT (HS) ૨૦૨૩ પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. ગ્રાન્ટેડ સ્કૂલના શિક્ષણ સહાયકની સાથે સરકારી શાળામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં પણ શિક્ષણ સહાયકની નિમણૂક માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે ૧૦ ઓકટોબર, ૨૦૨૪થી ૨૧ ઓકટોબર, ૨૦૨૪ સુધી વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી સૂચનાઓનો અભ્યાસ કરી ફોર્મ ભરી શકશે. લાયકાત ધરાવતા ઉમેદવારો અરજીની નિયત થયેલી ફી વેબસાઈટ ઉપર ઓનલાઈન માધ્યમથી જ ભરી શકશે. અરજી માત્ર ઓનલાઈન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે. ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારે તમામ વિગતો અરજી પત્રકમાં ભર્યા બાદ તેની ખાત્રી કરીને જ નિયત ફી ભરવાની રહેશે. ફી ભર્યા બાદ ઉમેદવારે કરેલી અરજી કન્ફર્મ થયેલી ગણાશે. કન્ફર્મ થયેલી અરજીમાં ઉમેદવાર જો કોઈ સુધારો કરવા ઈચ્છે તો કરેલ અરજી વિથ ડ્રો કરી નવી અરજી કરવાની રહેશે અને પુર્નઃ ફી ભરી અરજી કન્ફર્મ કરવાની રહેશે. નિયત સમયમર્યાદામાં ફી ભરેલ ન હોય તેવા ઉમેદવારોની અરજી સ્વીકારવામાં આવશે નહીં. ભરતી માટે ગ્રાન્ટેડ સ્કૂલોમાં ૨૪૮૪ જેટલી જગ્યા નક્કી કરવામાં આવી છે. જેમાં ગુજરાતી માધ્યમની ૨૪૧૬ જેટલી જગ્યાઓ, અંગ્રેજી માધ્યમની ૬૩ જગ્યા અને હિન્દી માધ્યમની પાંચ જગ્યાઓનો સમાવેશ થાય છે. જ્યારે સરકારી સ્કૂલોમાં શિક્ષણ સહાયકની નિમણૂક માટે ૧૬૦૮ જગ્યાઓ નક્કી કરાઈ છે. જેમાં ગુજરાતી માધ્યમની ૧૬૦૩ જગ્યા અને અંગ્રેજી માધ્યમની પાંચ જગ્યાઓનો સમાવેશ થાય છે. આમ, ગ્રાન્ટેડ અને સરકારી સ્કૂલોમાં મળી કુલ ૪૦૯૨ જેટલી જગ્યાઓ ઉપર ભરતી કરવામાં આવશે.

### ગુજરાત સરકારનો વધુ એક ખેડૂત હિતલક્ષી મહત્ત્વપૂર્ણ નિર્ણય

# રાજ્યમાં ખેતી માટે ખેતીવાડીના દરેક ગ્રુપને ૧૦ કલાક માટે વીજળી અપાશે : ઊર્જા મંત્રી

ગાંધીનગર, તા.૨૭
રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર અને કચ્છ જીલ્લામાં ખેડૂતોના મગફળી તેમજ અન્ય ઉભા પાકોને બચાવવા ખેતી માટે ખેતીવાડીના દરેક ગ્રુપને ૧૦ કલાક વીજળી આપવાનો ખેડૂત લક્ષી મહત્વનો નિર્ણય કર્યો છે. સામાન્ય રીતે રાજયમાં ખેતી માટે ખેતીવાડીના દરેક ગ્રુપને એક અઠવાડિયે દિવસે અને બીજા અઠવાડિયે રાત્રોની રોટેશન પદ્ધતિથી દરરોજ નિયમિત સમયસર ૮ કલાક વીજળી આપવાનો કાર્યક્રમ અમલમાં છે, અને તે રીતે નિર્ધારીત નીતિ મુજબ ખેડૂતોને કૃષિ વિષયક વીજળી માટે સામાન્ય પરિસ્થિતીમાં પ્રતિ દિન સરેરાશ ૮ કલાક વીજળી રોટેશનથી આપવામાં આવતી હોય છે. જોકે સૌર ઉત્પાદનને અનુલક્ષીને હાલમાં ખેતીવાડી ક્ષેત્રે લગભગ ૭૫ ટકાથી વધુ સપ્લાય દિવસ દરમ્યાન આપવામાં આવે છે. રાજ્યના આશરે ૨૦.૧૦ લાખ ખેતીવાડી ગ્રાહકો પૈકી આશરે ૧૬.૦૧ લાખ ગ્રાહકોને દિવસ દરમ્યાન (એટલે કે સવારે ૫ કલાકે થી રાત્રે ૯ કલાકમાં) ખેતી વિષયક વીજળી પૂરી પાડવામાં આવે છે. વરસાદ ખેંચાતો હોય અથવા ઉભા પાકને બચાવવું જરૂરી જણાય તેવા વિવિધ સંજોગોમાં તેમજ ઋતુ પ્રમાણેના ડાંગર, જીરૂં જેવા પાકને બચાવવા માટે જરૂરિયાત પ્રમાણે કૃષિ વીજગ્રાહકોને પ્રતિ દિન સરેરાશ ૮ કલાક ઉપરાંત વધારાના કલાકો માટે વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે. હાલમાં રાજયમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના પીજીવીસીએલના વિજ વિતરણ ક્ષેત્ર હેઠળ આવતા જામ જોધપુર, લાલપુર, માણાવદર, વંથલી, મેંદરડા, કેશોદ, માંગરોલ, માળીયા હટીના તાલુકામાં તેમજ કચ્છ જીલ્લામાં મગફળી તેમજ અન્ય પાકોને બચાવવાના હેતુથી ખેતી માટે ખેતીવાડીના દરેક ગ્રુપને ૧૦ કલાક વીજળી



આપવા અમલવારી કરવાની સુચના ડિસ્કોમને આપી દેવામાં આવી છે જેનાથી ખેડૂતોના મહામૂલા ઉભા પાકને જીવતદાન મળ્યું છે. તા.૨૭.૦૮.૨૪ના રોજ પીજીવીસીએલની મહત્તમ વીજમાંગ ૩૧૪૭ મેગાવોટ અને વીજ વપરાશ ૫૫ મીલીયન યુનીટસ હતો, જે હાલમાં તા.૨૬.૦૯.૨૦૨૪ના રોજ વધીને અનુક્રમે ૯૦૩૫ મેગાવોટ અને ૧૫૪ મીલીયન યુનીટસ નોંધાયેલ છે. જે દર્શાવે છે કે વીજમાંગમાં ઘણો વધારો થયેલ છે. એજ રીતે ખેતીવાડી ક્ષેત્રની મહત્તમ વીજમાંગ ૧૮૭ મેગાવોટ અને વીજ વપરાશ ૦૩ મીલીયન યુનીટસ હતો, જે હાલમાં તા.૨૩.૦૯. ૨૦૨૪ના રોજ વધીને અનુક્રમે ૫૮૨૦ મેગાવોટ અને ૫૫ મીલીયન યુનીટસ નોંધાયેલ છે. જે થયેલ વધારો દર્શાવે છે. તા.૨૭.૦૮.૨૦૨૪ના રોજ રાજ્યની મહત્તમ વીજમાંગ ૧૨૧૫૭ મેગાવોટ અને વીજ વપરાશ ૨૬૯ મીલીયન યુનીટસ હતો, જે હાલમાં તા.૨૬.૦૯.૨૦૨૪ના રોજ વધીને અનુક્રમે ૨૪૨૦૫ મેગાવોટ અને ૪૯૩ મીલીયન યુનીટસ નોંધાયેલ છે. જે રાજ્યની વીજમાંગમાં થયેલ નોંધપાત્ર વધારો દર્શાવે છે.

# વિદેશી રાજદ્વારીઓ J&K ચૂંટણીઓનું અવલોકન કરશે વિશેષ દરજ્જો નાબૂદ કર્યા પછી આ પ્રકારની પ્રથમ મુલાકાત

### મિશ્ર પ્રતિક્રિયાઓ, વિપક્ષ દ્વારા પણ વિદેશી મીડિયાને પરવાનગી આપવાના ઈન્કાર ઉપર સવાલ




નવી દિલ્હી તા.૨૭
જમ્મુ અને કાશ્મીર તેની વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કામાં પ્રવેશ કરે છે, યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપિયન યુનિયન, રશિયા અને ઑસ્ટ્રેલિયા સહિત ૧૬ વિદેશી મિશનના રાજદ્વારીઓનું એક પ્રતિનિધિ મંડળ મતદાન પ્રક્રિયાના સાક્ષી બનવા માટે શ્રીનગર પહોંચ્યું છે. મીડિયાએ અહેવાલ આપ્યો છે કે ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી અને રાજ્યના બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં પુર્નઃગઠન પછી કેન્દ્રશાસિત પ્રદેશમાં ચૂંટણીઓનું નિરીક્ષણ કરવા માટે કેન્દ્ર સરકારે વિદેશી રાજદ્વારીઓને આમંત્રિત કર્યા પછી આ પ્રથમ વખત છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મુલાકાત પાછળ સરકારનો ઉદ્દેશ્ય પ્રદેશમાં "ચૂંટણી પ્રક્રિયાના શાંતિપૂર્ણ આચરણ" અને "લોકોની મોટા પાયે ભાગીદારી" દર્શાવવાનો છે. ૨૦ સભ્યોના આ પ્રતિનિધિ મંડળમાં વિદેશ મંત્રાલયના ચાર પ્રતિનિધિઓ પણ સામેલ છે. તેઓ શ્રીનગર અને બડગામ જિલ્લાની મુલાકાત લેવા માટે કેટલાંક મત વિસ્તારોમાં મતદાનનું નિરીક્ષણ કરવા માટે તૈયાર છે, જોકે તેઓ જમ્મુ પ્રદેશને છોડી દેશે તેવી અપેક્ષા છે. આ મુલાકાત ઓગસ્ટમાં યુ.એસ.ના રાજદ્વારીઓની સમાન સફર પછી આવે છે, જ્યારે રાજકીય બાબતોના મંત્રી-કાઉન્સેલર ગ્રેહામ મેયર અને પ્રથમ સચિવ ગેરી એપલગાર્થે ખીણની મુલાકાત લીધી હતી. તેમના પ્રતિનિધિ મંડળે જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લા અને J&K પીપલ્સ કોન્ફરન્સના વડા સજજાદ લોન સહિત સ્થાનિક રાજકીય નેતાઓ સાથે મુલાકાત કરી હતી. વધુમાં ગયા વર્ષે શ્રીનગરમાં યોજાયેલ G20 પ્રવાસન રાઉન્ડટેબલમાં પણ ઘણા G20 દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. એક દિવસીય રાજદ્વારી મિશન J&Kની પ્રથમ વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે યોજાઈ રહ્યું છે જ્યારે તેનો વિશેષ દરજ્જો રદ કરવામાં આવ્યો હતો. મીડિયાના અહેવાલ મુજબ વિદેશી રાજદ્વારીઓની મુલાકાત અંગે મિશ્ર પ્રતિક્રિયાઓ મળી છે. નેશનલ કોન્ફરન્સના વાઈસ પ્રેસિડેન્ટ ઓમર અબ્દુલ્લાએ સરકારની કાર્યવાહી ઉપર આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું કે, "તે વિચિત્ર છે કે સરકાર સતત ભારપૂર્વક જણાવે છે કે જમ્મુ અને કાશ્મીર આંતરિક મામલો છે, છતાં હવે ચૂંટણીના સાક્ષી બનવા માટે વિદેશી રાજદ્વારીઓ માટે પ્રવાસનું આયોજન કરી રહી છે." તેમણે વિદેશી પત્રકારોને ચૂંટણી કવર કરવાની પરવાનગી નકારવાના સરકારના નિર્ણયની પણ ટીકા કરી હતી. એ જ રીતે, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)ના પ્રવક્તા વાહીદ પારાએ સરકાર ઉપર આંતરરાષ્ટ્રીય ઈમેજ-બિલ્ડિંગ માટે સ્થાનિક ચૂંટણીમાં ભાગીદારીનો ઉપયોગ કરવાનો આરોપ લગાવતા ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે,"ચૂંટણીમાં અમારૂ એકત્રીકરણ સંપૂર્ણપણે લોકો દ્વારા સંચાલિત છે અને તેનો શ્રેય સ્થાનિકોને મળવો જોઈએ, સરકારની સફળતાની વાર્તા તરીકે નહીં." જોકે, સત્તાધારી ભારતીય જનતા પાર્ટી (BJP)એ રાજદ્વારીઓની મુલાકાતનું સ્વાગત કર્યું છે. J&K બીજેપીના મુખ્ય પ્રવક્તા સુનિલ સેઠીએ આ પગલાનો બચાવ કરતા કહ્યું, "આપણે શા માટે વિદેશી રાજદ્વારીઓનો વિરોધ કરવો જોઈએ જેઓ લોકશાહીને કામ કરતી જોવા માંગે છે ? અમે ફક્ત કોઈપણ બાહ્ય દખલગીરીની વિરૂદ્ધ છીએ, અવલોકન વિરૂદ્ધ નહીં." દરમ્યાન સ્થાનિક કાયદાના અમલીકરણે લોકોને ખાતરી આપી હતી કે શાંતિપૂર્ણ અને પારદર્શક મતદાન સુનિશ્ચિત કરવા માટે સુરક્ષાના પગલાં લેવામાં આવ્યા છે. સામૂહિક અટકાયત વિશે સોશિયલ મીડિયા ઉપર ફરતા દાવાઓના જવાબમાં, શ્રીનગર પોલીસે સ્પષ્ટતા કરી કે શાંતિ જાળવવા નિવારક પગલાં હેઠળ માત્ર ચૂંટણી પ્રક્રિયાને વિક્ષેપિત કરવાનો ઈતિહાસ ધરાવતા લોકોની અટકાયત કરવામાં આવી છે. ચૂંટણીનો આ તબક્કો ખાસ કરીને મહત્વપૂર્ણ છે કારણ કે J&Kનો વિશેષ બંધારણીય દરજ્જો રદ કરવામાં આવ્યો ત્યારથી આ પ્રદેશની પ્રથમ વિધાનસભા ચૂંટણી છે, એક પગલું જેણે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંનેનું ધ્યાન ખેંચ્યું છે.

# મહિલાઓ વિરૂદ્ધના ગુનાઓમાં વધારો : કેરળમાં ૨૦૧૭થી અત્યાર સુધીમાં ૧.૧૮ લાખ કેસ નોંધાયા


(એજન્સી) તા.૨૭
ફિલ્મ ઉદ્યોગમાં અનેક મહિલાઓએ જાતીય શોષણના આક્ષેપો કર્યા બાદથી કેરળ રાજ્યમાં મહિલાઓની સુરક્ષાને લઈને ચિંતા ફરી ઉભી થઈ છે. LDF સરકારે ૨૦૧૭માં સમર્પિત મહિલા અને બાળ વિકાસ (WCD) વિભાગની રચના કરી હોવા છતાં, મહિલાઓ સામે હિંસાના બનાવો સતત વધી રહ્યા છે. ગૃહ વિભાગના ડેટા દર્શાવે છે કે ૨૦૧૭ થી રાજ્યમાં મહિલાઓ સામેના ગુનાઓ સંબંધિત કુલ ૧,૧૮,૫૮૧ કેસ નોંધાયા છે. આ વર્ષે જૂન સુધીમાં, ૧,૩૩૮ બળાત્કારના કેસો અને ૨,૩૩૦ છેડતીના કેસ નોંધાયા છે, જે માત્ર પ્રથમ છ મહિનામાં મહિલાઓ સામેના ગુનાઓની કુલ સંખ્યા ૯,૫૦૧ પર લાવે છે. ૨૦૨૩માં, આંકડા વધુ ચિંતાજનક હતા, જેમાં ૨,૫૬૨ બળાત્કાર અને ૪,૮૧૬ છેડતી સહિત ૧૮,૯૮૦ કેસ નોંધાયા હતા. આ ૨૦૨૨ની સરખામણીમાં થોડો વધારે હતો, જેમાં ૨,૫૧૮ બળાત્કાર અને ૪,૯૪૦ છેડતી સહિત ૧૮,૯૪૩ કેસ નોંધાયા હતા. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના તાજેતરના ડેટા અનુસાર, કેરળમાં ૮૨%અપરાધ દર છે જે રાષ્ટ્રીય સરેરાશ ૬૬.૪% કરતા નોંધપાત્ર રીતે વધારે છે. પૂર્વ ધારાસભ્ય અને કેરળ મહિલા આયોગના સભ્ય એલિઝાબેથ મામેન મથાઈએ જણાવ્યું હતું કે જ્યારે મહિલાઓ સામેના ગુનાઓ વધી રહ્યા છે, ત્યારે મહિલા અને બાળ વિકાસ વિભાગે અસરકારક ફરિયાદ નિકાલ પદ્ધતિની સ્થાપના કરી છે. એલિઝાબેથે જણાવ્યું હતું કે, 'ફરિયાદો સતત વધી રહી છે, પરંતુ અમારી પાસે મુદ્દાઓને ઉકેલવા માટે અસરકારક સિસ્ટમ છે.' એનસીઆરબીના અહેવાલમાં એ પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે કે ભારતીય દંડ સંહિતા (આઈપીસી) હેઠળ મહિલાઓ સામેના મોટાભાગના ગુનાઓમાં પતિ અથવા તેમના સંબંધીઓ દ્વારા ક્રૂરતાનો સમાવેશ થાય છે, ત્યારબાદ અપહરણ, છેડતીના ઈરાદાથી હુમલો અને બળાત્કારનો સમાવેશ થાય છે. વધુમાં, એલિઝાબેથે જણાવ્યું હતું કે ઘરેલું હિંસાના કેસોમાં ઘટાડો થયો છે પરંતુ ભારપૂર્વક જણાવ્યું હતું કે દહેજ સંબંધિત ઘણા ક્રૂરતાના કિસ્સાઓ હજુ પણ મહિલા આયોગ સુધી પહોંચે છે. બીજી તરફ, વકીલ અને કાર્યકર ટીબી મીનીએ સરકારના અભિગમની ટીકા કરી, આરોપ લગાવ્યો કે કાયદાકીય જોગવાઈઓ રક્ષણ આપવાનો હેતુ ધરાવે છે. મહિલાઓ ઉપર યોગ્ય રીતે અમલ કરવામાં આવતો નથી. "જ્યારે સરકારે મહિલાઓ અને બાળકો માટે એક વિભાગ શરૂ કર્યો છે, તે સામાજિક રીતે નબળા જૂથોની જરૂરિયાતોને સંબોધવામાં નિષ્ફળ રહી છે. મહિલાઓ, બાળકો અને શિક્ષણ જેવા મુખ્ય ક્ષેત્રોની અવગણના કરીને કોર્પોરેટ વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. મંત્રાલયમાં લોકતાંત્રિક કામગીરીનો અભાવ છે, જેમાં એક જ વ્યક્તિ દ્વારા લેવામાં આવતા નિર્ણયો છે," મીનીએ આક્ષેપ કર્યો હતો.

# લખનૌ : ખુરશી ઉપરથી પડી જવાથી HDFC બેંકના કર્મચારીનું મોત, સહકર્મીઓનો કામના દબાણ હેઠળ મૃત્યુ પામ્યાનો આરોપ

લખનૌ તા.૨૭
પુણેની ઈરૂ કંપનીમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) તરીકે કામ કરતી યુવતીનું કામના દબાણને કારણે થોડા દિવસ પહેલા મૃત્યુ થયું હતું. કંપની દ્વારા આપવામાં આવેલા ટાર્ગેટને પૂરો કરવા માટે તે દિવસ-રાત મહેનત કરતી હતી, જેના કારણે તેનું મોત થયું હતું. આ આરોપ ૨૭ વર્ષીય અન્ના સેબેસ્ટિયન પેરેલીની માતાએ લગાવ્યો હતો. આ મામલાની તપાસ હજુ ચાલુ છે. આ દરમ્યાન હવે લખનઉમાં વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એચડીએફસી બેંકમાં એડિશનલ ડેપ્યુટી વાઈસ પ્રેસિડેન્ટ તરીકે કામ કરતી સદફ ફાતિમાનું અહીં અવસાન થયું. કર્મચારીઓનું કહેવું છે કે તેનું કારણ કામનું દબાણ પણ છે. કહેવામાં આવી રહ્યું છે કે બેંકમાં કામ કરતી વખતે તે ખુરશી ઉપરથી પડી ગઈ અને તેનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું. ફાતિમાને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવી, પરંતુ ત્યાં તેને મૃત જાહેર કરવામાં આવી. તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. આ ઘટના ઉપર પ્રતિક્રિયા આપતા સમાજવાદી પાર્ટી (SP)ના અધ્યક્ષ અખિલેશ યાદવે કહ્યું કે સરકારી અને ખાનગી નોકરીઓમાં કામનું દબાણ સમાન છે. કર્મચારીઓ 'મજબૂરી' હેઠળ કામ કરી રહ્યા છે. જેના કારણે આ સમસ્યા ઉભી થઈ રહી છે. ફાતિમાનું મૃત્યુ કેવી રીતે થયું તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ બહાર આવશે. લક્ષ્યાંકો, સમયમર્યાદા, મોટાભાગની સંસ્થાઓ અને કંપનીઓમાં આ સામાન્ય બાબત છે. આટલા સમયમાં આટલું ટાર્ગેટ હાંસલ કરવાનું છે, આ તમારી ડેડલાઈન છે. આટલું લક્ષ્ય આટલા સમયમાં હાંસલ કરવાનું છે, કંઈપણ કરો. કરવું પડે છે, ઘણી સંસ્થાઓ અને કંપનીઓ તેમના કર્મચારીઓને આવો ટાર્ગેટ આપે છે જે સમય મર્યાદામાં શક્ય નથી હોતો.

# વેરાવળ સરકારી જમીન પર થયેલ લેન્ડ ગ્રેબીંગની ફરિયાદમાં બે લોકોની ધરપકડ કરાઈ

**નગરસેવકે હોટલએ કરેલા ગેરકાયદેસર બાંધકામ અંગે લેખીત ફરીયાદ કરતા નિંદ્રાધીન પાલીકા તંત્ર દોડતું થયું : શહેરમાં સરકારી જમીનો કબ્જે કરવાના ષડયંત્રો અને ગેરકાયદેસર બાંધકામો ધમધમતા હોવાનો આક્ષેપ કર્યા**




(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૭૭

વેરાવળ સરકારી જમીન ઉપર હોટલના સંચાલકો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવી રહયા હોવા અંગે નગરસેવકે લેખીત ફરીયાદ કરતા આંખા આડા કાન કરીને બેસેલ પાલીકા તંત્રએ નોટીસ ફટકારીને ત્રણ દિવસમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરી લેવા તાકીદ કરી છે. આ અંગે પાલીકાના પુર્વ પ્રમુખ અને નગરસેવક પીયુષ ફોફંડીએ કરેલ લેખીત ફરીયાદમાં જણાવ્યા મુજબ અત્રેના રાજેન્દ્ર ભુવન રોડ ઉપર તોરણ બંગલા તરીકે ઓળખાતી પ્રવાસન વિભાગની મિલ્કતનું સંચાલન ખાનગી હોટલ લેમન ટ્રી ને સોંપવામાં આવેલ છે. આ ગ્રુપના સંચાલકો દ્વારા ગેરકાયદેસર રીતે હોટલના કમ્પાઉન્ડ બહારની સરકારી જગ્યા વાળી લેવાના હેતુસર ત્યાં એક ઓરડી અને બે રૂમો બનાવવાની સાથે પેવર બ્લોક પાથરીને વાળી લેવામાં આવી રહેલ છે. જેથી આ ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવી જગ્યા ખુલ્લી કરાવવા માંગ કરી છે. આ રજુઆતના પગલે ચીફ ઓફીસર ચેતન ડુડિયાએ જણાવેલ કે, હોટલ લેમન ટ્રી દ્વારા ગેરકાયદેસર રીતે જગ્યામાં કરવામાં આવી રહેલ બાંધકામ બંધ કરી દુર કરવા માટે નોટીસ ફટકારી ત્રણ દિવસની મહેલત આપવામાં આવી છે. ત્યાં સુધીમાં બાંધકામ સ્વયં દુર નહીં કરે તો પાલીકા તંત્રને દુર કરવાની ફરજ પડશે. અત્રે નોંધનીય છે કે, નગરસેવક પીયુષ ફોફંડીએ પોતાની રજુઆતમાં શહેરમાં ગેરકાયદેસર બાંધકામો બેફામ ધમધમી રહ્યાની સાથે સરકારી જમીનો ઉપર ગેરકાયદેસર કબ્જો કરવાના ષડયંત્રો ચાલી રહ્યાના ગંભીર આક્ષેપો કર્યા છે. ત્યારે આ મામલાને ગંભીરતાથી લઈ ઉચ્ચ અધિકારીઓ તપાસ કરાવે તો ગેરકાયદેસર બાંધકામોનું મોટું કૌભાંડ સામે આવે તેવી લોકોમાં ચર્ચા શરૂ થઈ છે.

# વિસાવદરના મકરાણીપરા વિસ્તારમાંથી ૫૧૪ બોટલ વિદેશી દારૂ ઝડપાયો : ૬ વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૭

વિસાવદરના મકરાણીપરા વિસ્તારમાંથી વિસાવદર પોલીસે ૫૧૪ બોટલ વિદેશી દારૂ-બીયરનો જથ્થો ઝડપી ૬ શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે ફરજ બજાવતા કોન્સ્ટેબલ દિનેશભાઈ અરજણભાઈએ ફરીયાદી બની આરોપી તરીકે નાસીર રહીમ મૈતર, અમીત ઉર્ફે ભુરો, વિરેશ ઉર્ફે વિક્કી પ્રવીણભાઈ વિંઝુડા, રામકુભાઈ જગુભાઈ કાળીયા, નાઝીમ રહીમભાઈ મૈતર અને એઝાજ જેના વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી નાસીરે કોઈ પાસ પરવાના વગર ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો એઝાજ હેના પાસેથી મંગાવેલ તેમજ આરોપી રામકુ જગુભાઈ કાળીયા સાથે ભાગીદારી કરી આરોપી અમીત ઉર્ફે ભુરો, વિરેન ઉર્ફે વિક્કી અને નાઝીમ રહીમ મૈતરે ધંધામા મદદગારી કરતો હોવાનું ખુલેલ સાથે આ દરોડા દરમ્યાન વિદેશી દારૂની બોટલ-બીયર કુલ નંગ ૫૧૪ જેની કુલ કી.રૂા.૬૨,૩૪૫, મોબાઈલ નંગ-૩ કી.રૂા.૧૫,૦૦૦, મો.સા નંગ-૩ કી.રૂ.૭૫,૦૦૦ મળી કુલ મુદ્દામાલ રૂા.૧,૫૨,૩૪૫ મુદ્દામાલ ઝડપાતા પોલીસે તમામ આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રવિવારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપ્રેટિવ હાઉસિંગ સોાયટીની બાવનમી વાર્ષિક સાધારણ સભા મળશે



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીની બાવનમી વાર્ષિક સાધારણ સભા સોસાયટીના પ્રમુખ પ્રો. જયદિપસિંહ ડોડિયાના અધ્યક્ષ સ્થાને તા.૨૯-૪-૨૦૨૪ને રવિવારના રોજ સવારે દશ વાગ્યે રૂદ્રમુખી હનુમાન મંદિર પરિસરમાં મળશે. તાજેતરમાંજ સુવર્ણ જયંતિ વર્ષ ખૂબજ ઉમંગપૂર્વક ઉજવનાર સૌરાષ્ટ યુનિવર્સીટી કર્મચારી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીને રાજકોટ મહાનગર પાલિકાની સ્માર્ટ સોસાયટીનો દરજ્જો મળેલ છે. આ સોસાયટીની આગામી રવિવારે સવારે દશ વાગ્યે યોજાનાર બાવનમી વાર્ષિક સાધારણ સભામાં સોસાયટીના ઉપ પ્રમુખ અને જાણીતાં ઉદ્યોગપતિ સજી મેથ્યુ, માનદ મંત્રી અને સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ પરમાર, સહમંત્રી અને બિલ્ડર રમેશ સભાયા, ડો. અનામિક શાહ, ડો. દર્શન ભટ્ટ, ડી. પી. ત્રિવેદી, તૃપ્તિબેન અમરેલિયા, ઉદ્યોગપતિ શૈલેષ પટેલ, ઉદ્યોગપતિ શ્રીજીથ સુકુમારન્ નાયર, કૈલેશકુમાર તન્ના, જીતેશકુમાર પંડિત, મૌલિકસિંહ ભટ્ટી, એચ. એમ. રાજા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, એડવોકેટ મિહિરભાઈ ત્રિવેદી અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિવ્યેશભાઈ કગથરા સહિત વરિષ્ઠ સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# નવરાત્રીને લઈને વિરપુરના ખેલૈયાઓનો અનેરો ઉમંગ

**અવનવા સ્ટેપ સાથે નવરાત્રીના વધામણાં કરવા ખેલૈયાઓમાં થનગાટ**

(પ્રતિનિધિ દ્વારા)

વિરપુર તા.૨૭

ભારતીય સંસ્કૃતિમાં આસો માસને ખુબ જ ભાવભક્તિ અને શ્રધ્ધા સાથે ઉજવાય છે. આ નવ દિવસ દરમ્યાન જગતજનની અખિલ બ્રહ્માંડ ભાદોદરી જગદંબાઓના ગુણગાન ગવાય છે. ત્યારે યાત્રાધામ વિરપુર જલારામ ખાતે પણ ખેલૈયાઓ દ્વારા નવરાત્રીના વધામણા કરવા માટે છેલ્લા બે મહિનાથી પ્રાચીન અને અર્વાચીન રાસ તેમજ અવનવા રાસની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ગરબા પ્રેક્ટીસ કરતા ખેલૈયાઓએ ગરબા રમવા થનગની રહ્યા છે. આ વર્ષે જાલીમાર સ્ટેપ,ગલગોટો સ્ટેપ,ડીજે બ્રાવો સ્ટેપ તેમજ કપલ ગરબા સ્ટેપ, ડીજે ટીટોડા સહિતના અવનવા ગરબાના સ્ટેપસનો ખેલૈયાઓમાં વધુ ક્રેઝ માં જગત જનની જગદંબાના આરાધનાનું પર્વ એટલે આસો માસની નવલી નવરાત્રી,સમગ્ર ગુજરાત સહિત ભારતભરમાં ભક્તિભાવ પૂર્વક નવરાત્રી ઉજવાય છે નાના-મોટા સૌ કોઈ માં જગદંબાની આરાધના કરી ગરબા ઘૂમતા હોય છે, માતાજીના નવલા નોરતાને હવે ગણતરીના જ દિવસો બાકી છે ત્યારે ગરબા ખેલૈયાઓમાં ગરબા રમવાનો ભારે અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે જેમને લઈને નવરાત્રી આગાઉ જ ખેલૈયાઓએ ગરબા રમવા માટેની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે ત્યારે યાત્રાધામ વીરપુરમાં ગરબા રસિકો સતત બે મહિના થી અવનવા સ્ટેપ માટે પ્રેક્ટીસ કરી રહ્યા છે, આ વર્ષે જાલીમાર સ્ટેપ,ગલગોટો સ્ટેપ, ડીજે બ્રાવો સ્ટેપ તેમજ કપલ ગરબા સ્ટેપ, ડીજે ટીટોડા સહિતના અવનવા ગરબાના સ્ટેપનો ખેલૈયાઓમાં વધુ ક્રેઝ જોવા મળી રહ્યો છે, એક તરફ ખેલૈયાઓ સતત બે મહિનાથી ગરબા રમવા માટેની પ્રેક્ટીસ કરી રહ્યા છીએ આગામી દિવસોમાં નવરાત્રીમાં ખૂબ જ ઉત્સાહ પૂર્વક ગરબે રમવા અનેરો થનગાટ છે તો બીજી તરફ ઘણા ખરા આગાહીકારોએ નવરાત્રીમાં વરસાદને લઈને આગાહી પણ કરવામાં આવી છે કે નવરાત્રીમાં પણ વરસાદ વરસી શકે છે અને નવરાત્રીમાં મેઘરાજાનું વિઘ્ન પડી શકે છે ત્યારે ખેલૈયાઓ અને ગરબા રસિકો નવરાત્રીમાં વરસાદ ન પડે અને નવલા નોરતામાં ધામધૂમથી ગરબા રમી શકે તેવી પ્રાર્થના પણ માતાજીને કરીને આશા વ્યક્ત કરી રહ્યા છે.

# જૂનાગઢ જિલ્લામાં વરસાદની આગાહી અન્વયે ખેડૂતોએ કાળજી લેવી

જૂનાગઢ તા.૨૭

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને તા.૨૯-૦૯-૨૦૨૪ સુધી જૂનાગઢ જિલ્લાઓમાં છુટા છવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી થયેલ છે. આવા સમયે વાદળ છાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે, તેમ છતાં નીચે મુજબના તકેદારીનાં પગલા લેવા જિલ્લાના ખેડુતોને સંદેશ આપવામાં આવે છે. ભારત મૌસમ વિભાગ તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર સૌરાષ્ટ્રના જીલ્લાઓમાં આગામી દિવસોમાં છુટા છવાયા સ્થળોએ હળવા વરસાદ પડવાની સંભાવના રહેલ છે. જેને ધ્યાને લઈ ખેડૂતોએ કાળજી રાખવી જરૂરી છે. ઘાસચારો વિગેરે ગોડાઉનમાં સલામત સ્થળે રાખવો અથવા તાડપત્રી ઢાંકીને રાખવો અને તાડપત્રી હાથવગી રાખવી વેચાણ અર્થે એપીએમસી અથવા ખરીદ કેન્દ્ર ખાતે લઈ જવાતી ખેત જણસી ઢાંકીને લઈ જવી તેમજ એપીએમસીમાં રહેલ ખેત જણસીઓ સલામત સ્થળે ગોડાઉનમાં રાખવા વેપારી મિત્રોને વિનંતી છે. પશુઓને સલામત સ્થળે રાખવા, ખેતીના ઈનપુટ એટલે કે બિયારણ ખાતર વગેરેનો જથ્થો પણ સલામત સ્થળે સુરક્ષિત ગોડાઉનમાં રાખવો.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (તાલીમ), **KVK** અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર –૧૮૦૦૧૮૦૧૫૫૧ નો સંપર્ક કરવો. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

**વિશ્વને અત્યાધુનિક ટેકનોલોજીનાં પ્રદર્શન દર્શાવતું ઈઝરાઈલ**

# ઈઝરાઈલ-હિઝબુલ્લા યુદ્ધમાં ઈઝરાઈલ દ્વારા લીફલેટ ઉપરના નંબર સ્કેચ દ્વારા નજીકના મોબાઈલ હેક કરવાની નવી ઓપરેન્ડીનો ઉપયોગ!

**શું ઈઝરાઈલ-હિઝબુલ્લનું યુદ્ધ લાંબુ ચાલશે અને નીત-નવી ઓપરેન્ડી વિશ્વને જોવા મળશે ?**




(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૨૭

છેલ્લા એક વર્ષથી મુસ્લિમ રાષ્ટ્રો વચ્ચે આવેલા અને હમાસ-હિઝબુલ્લા-હ્યુતી સાથે પ્રોક્ષી યુદ્ધ લડતા ઈઝરાઈલને જેટલું નુકશાન થયું છે તેના કરતા દશ ગણું વધુ નુકશાન તેમણે દુશ્મનોને કર્યું છે. જે તે દેશ અને વિશ્વ જાણે છે અને હજુ દરરોજ લેબોનના મોટાભાગના વિસ્તારમાં કરી રહ્યું છે અને વિશ્વનાં દેશોને આડકતરી રીતે આ યુદ્ધથી દુર રહેવાની ચેતવણી આપી રહ્યું છે. ત્યારે વિશ્વની મહાસાતાઓ દ્વારા પણ આ યુદ્ધમાં પરોક્ષ રીતે ના જોડાતા અને અપરોક્ષ રીતે જોડાઈ જે તેને આર્થિક અને શાસ્ત્રોની મદદ દ્વારા સીઝ્ ફાયરનાં સ્થાને મિડલ ઈસ્તનાં સીને ફાયર કરી રહ્યા છે અને છેલ્લા બે વર્ષથી ચાલતા રશિયા-ઉક્રેન યુદ્ધની માફક આ યુદ્ધને પણ લંબાવી-લંબાવી યુદ્ધ ઈચ્છનારા દેશોને આર્થિક પાયમાલ કરી પોતપોતાના શાસ્ત્રોનાં ઉદ્યોગને નિભાવી રહ્યા છે. ત્યારે આ યુદ્ધમાં વિશ્વને વર્ષોથી પોતાની જાસુસી સંસ્થા મોસાદનાં પરાક્રમો નાંનીત નવા પ્રકારો દ્વારા "નાનું પણ નાગનું બચ્ચું" કહેવત પ્રમાણે વિશ્વનો નાનો દેશ પણ દુશ્મનને છોડવાનો નહી તે ન્યાયે પોતાના કોઈ દુશ્મન નેવિશ્વનાં ખૂણે ખૂણેથી શોધી છોડ્યા નથી અને તે કારણે આ યુદ્ધમાં વિશ્વનાં દેશો પરોક્ષ ભાગ લેતા ડરી રહ્યા હોય આ યુદ્ધ છેલ્લા એક વર્ષથી અવિરત ચાલુ રહ્યું છે અને ઈઝરાઈલ-હમાસથી શરૂ થઈ હિઝબુલ્લા અને હ્યુતીનાં બળવાખોર આંતકવાદીઓ બાદ આવનારા દિવસોમાં યમન-ઈરાન-ઈરાક-સીરિયા-જોર્ડન-તુર્કી-ઈરાક જેવા કાંઈક કેટલાય દેશો તેમાં જોડાય અથવા જોડવા પ્રેરાય તેવા પરાક્રમો ઈઝરાઈલ દ્વારા કે વિશ્વની મહાસતાઓ દ્વારા થાય તે દિવસો હવે બહુ દુરનાં જણાતા નથી. ત્યારે આ યુદ્ધની ગંભીરતા સમજી વિશ્વનાં દેશો ઈઝરાઈલ-લેબેનોનમાં રહેલા તેમના નાગરીકોને તાત્કાલિક અસરથી માદરે વતન પહોંચાડી રહ્યા છે. જે અન્વયે બે દિવસ પહેલા તાકીદની અસરથી ઈઝરાઈલમાંથી પોતાના નાગરીકોને અને ગઈકાલે લેબેનોનમાંથી માદરે વતન લાવતા આ યુદ્ધ માં સીઝ ફાયર થવાની શક્યતા હવે જણાતી નથી અને હવે આસપાસ નાદેશો આ યુદ્ધમાં ખુલ્લેઆમ એક બીજાની મદદમાં આવનાર હોવાનું નકારી શકાતું નથી. ત્યારે આજ બહાર આવેલ વિગતો મુજબ ઈઝરાઈલ દ્વારા લેબેનોનમાં લીફલેટ કે જેમાં તેની સત્યતા દર્શાવવા માટે ક્યુઆર કોડ પણ પ્રિન્ટ કરવામાં આવેલા છે અને ઈનામી સ્કીમમાં જેમ એક બોક્ષમાં રહેલ હિડન નંબરને સ્કેચ કરવા માટે ણી સુવિધા હોય તેવા લીફટેત ફેંકવામાં આવ્યા છે જેનું પિકચર અહીં સામેલ છે તે લીફલેટમાં ઈનામી સ્કીમ માટેનાં આપેલ બોક્ષ ઉપર સ્કેચ કરો તે સાથે તમારી આસપાસનાં મોબાઈલ ફોન હેક થાય અને જે તે મોબાઈલનો ડેટા હેકર્સનાં હાથમાં આવે તેવા લીફલેટ ફેંકી વિશ્વને મોબાઈલ હેક કરવાની નવી ટેકનોલોજી પોતાના પાસે હોવાનું દર્શાવી ટેકનોક્રેટની દુનિયામાં પોતાની શક્તિનાં દર્શન વિશ્વને કરાવી સૌને ચોંકાવી નાખ્યા છે. જ્યારે બીજી બાજુ હિઝબુલ્લ દ્વારા પણ વળતા હુઅમલા કરાતા ઈઝરાઈલ દ્વારા પણ તકેદારીનાં પગલા સ્વરૂપે ઈઝરાઈલમાં એક સપ્તાહ માટે આંતરિક ઈમર્જન્સી લગાવવામાં આવી છે જેમાં નાગરીકોને ચારથી વધુ વ્યક્તિનાં સમૂહમાં ભેગા થવા ઉપર પ્રતિબંધ લગાવી પોતાના જ દેશનાં નાગરીકોને સુરક્ષિત સ્થાન ઉપર રહેવાનો અપરોક્ષ આદેશ આપ્યાનું નકારી શકાતું નથી. જે દર્શાવે છે કે એકવીસમી સદીનું આ યુદ્ધ હથીયારો કરતા નીત નવી ટેકનોલોજીથી લડાઈ રહ્યું છે અને આવનારા દિવસોમાં હવે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સનાં શરૂ થયેલ ઉપયોગ બાદ હવે યુદ્ધ માનવો આધારિત નહિ પણ રોબોટ આધારિત બની રહેશે અને તેમાં માનવ ખુવારીનાં સ્થાને મિલ્કતના નાશ સાથે આર્થિક નુકશાન પહોંચાડવા માટેનાં યુદ્ધ લડશે તે દિવસો પણ દુર નથી.

# દ્વારકામાં રૂા.૩,૦૦૦ની લાંચ લેતા ઝડપાયેલા આઈ.ટી. ઈન્સ્પેક્ટર બે દિવસના રિમાન્ડ ઉપર



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

દ્વારકામાં રહેતા એક આસામીનું પાનકાર્ડ ખોવાઈ જતા બીજું પાનકાર્ડ કઢાવ્યા પછી પહેલું મળી આવતા એક પાનકાર્ડ રદ કરવાના હેતુથી તેમણે દ્વારકાના ઈક્રમટેક્સ ઈન્સ્પેક્ટર સુનિલકુમાર અરવિંદકુમાર મીનાનો સંપર્ક કર્યો હતો. જેમણે પ્રથમ તો વિવિધ બાબતનો ભય બતાવીને રૂપિયા ૧૦,૦૦૦ ની માંગણી કર્યા બાદ આ સોદો રૂા.૩,૦૦૦માં થયા પછી અરજદાર આસામીએ એન્ટી કરપ્શન બ્યુરોનો સંપર્ક કર્યો હતો. જેને અનુલક્ષીને એ.સી.બી. ઈન્સ્પેક્ટર આર.એન. વિરાણી દ્વારા મંગળવારે દ્વારકાની ઈક્રમટેક્સ કચેરી ખાતે લાંચનું છટકું ગોઠવીને આઈ.ટી. ઈન્સ્પેક્ટર સુનિલ મીનાને રૂા.૩,૦૦૦ની લાંચ લેતા રંગહાથ ઝડપી લીધા હતા. આ પ્રકરણમાં એ.સી.બી. પી.આઈ. પી.એ. દેકાવાડીયાએ આગળની તપાસ સંભાળીને આરોપી ઈક્રમટેક્સ ઈન્સ્પેક્ટરને કોર્ટમાં રજુ કરી, વિવિધ મુદ્દે પાંચ દિવસના રિમાન્ડની માંગણી કરતા અદાલતે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. આજથી આશરે ત્રણેક માસ પૂર્વે જ પરિવારજનો વગર દ્વારકા આવીને એકલા રહેતા નાની વયના આ અધિકારી લાંચમાં પકડાઈ જતા સ્થાનિક વર્તુળોમાં ભારે ચર્ચા મચી જવા પામી હતી.

# યાત્રાધામ દ્વારકાના હાર્દ સમા ભદ્રકાલી ચોકમાં દર વર્ષે પાણી ભરાવ અંગે સીએમ પોર્ટલ ઉપર ફરીયાદ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૭

દ્વારકાના હાર્દ સમા ભદ્રકાલી ચોક વિસ્તારમાં દર વર્ષે પાણી ભરાવની સમસ્યા ચોમાસા દરમ્યાન રહે છે અને દિવસો સુધી સ્થાનીક રહેવાસીઓ, દુકાનદારો, બેન્ક વગેરેમાં કામગીરી ઠપ્પ થઈ જતી હોય લાખોની નુકસાની થાય છે. આ સમસ્યા અંગે સ્થાનીય જાગૃક નાગરીકે મુખ્યમંત્રી કાર્યાલયના સીએમ પોર્ટલ પર ફરીયાદ કરવામાં આવતાં તંત્ર દોડતું થઈ ગયું છે. આજરોજ આ અંગે મુખ્યમંત્રી કચેરી તરફથી થયેલ આદેશ અનુસાર મામલતદાર કચેરી ખાતે **IAS** અમોલ આવટે (મદદનીશ કલેકટર અને પ્રાંત અધિકારી)ની અધ્યક્ષતામાં મામલતદાર જે.એન. મહેતા, નગરપાલીકાના ચીફ ઓફીસર ઉદય નિસિત સમિતના સબંધિત અધિકારીગણ સાથેની મીટીંગમાં આ પ્રશ્રે તાબડતોબ કાર્યવાહી હાથ ધરાશે અને ટૂંક સમયમાં જ સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવશે તેવી બાંહેધરી આપવામાં આવી હતી. સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર આ અંગે નગરપાલીકા તથા પીજીવીસીએલ કચેરી દ્વારા નિયત સમયમાં કાર્યવાહી કરવાની રહેશે અને આ અંગે નિયત સમયે થયેલ કામગીરીની રીવ્યુ મીટીંગ પણ યોજવામાં આવનાર છે. તંત્રની કામગીરી સમયસર પૂરી કરાશે તો આવતા વર્ષથી આ ક્ષેત્રને કાયમી સતાવતી પાણી ભરાવની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે તેવો આશાવાદ સ્થાનીકોએ વ્યકત કર્યો છે.

# ખંભાળિયા નગરપાલિકામાં સત્તાધિશો વચ્ચેના આંતરિક સખળ-ડખળ મુદ્દે રાજ્ય મંત્રીની ખાસ બેઠક

**સભ્યોમાં નારાજગી, જનરલ બોર્ડના મુદ્દે મુળુભાઈ બેરા દ્વારા જરૂરી ચર્ચાઓ થશે**

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

ખંભાળિયા નગરપાલિકા દ્વારા વિકાસ કાર્યો કરવામાં નિરસતા તેમજ જનરલ બોર્ડ બોલાવવામાં વિલંબ તથા ગ્રાન્ટનો વિકાસ કાર્યો માટે ઉપયોગ ન થવા સહિતના મુદ્દે શહેરભરમાં ભારે ચર્ચા પ્રસરી જવા પામી છે. ત્યારે આ મહત્વના મુદ્દે અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા દ્વારા ખાસ બેઠક યોજવામાં આવી હતી.

ખંભાળિયા નગરપાલિકા વિસ્તાર માટે કરોડોની ગ્રાન્ટ ઉપલબ્ધ હોવા છતાં શહેરમાં વિકાસના કામો ટલ્લે ચડતા હોવા ઉપરાંત પાલિકાના સદસ્યો અને ચીફ ઓફિસર વચ્ચે કહેવાતા મતભેદ (સંઘર્ષ) સહિતના મુદ્દે નગરપાલિકા વર્તુળોમાં ચર્ચા સાથે સખળ-ડખળનો માહોલ જોવા મળી રહ્યો છે. આ વચ્ચે છેલ્લા સાતેક માસથી નગરપાલિકાની સામાન્ય સભા બોલાવવામાં આવી નથી. તે ગંભીર મુદ્દા વચ્ચે તાજેતરમાં યોજાયેલી સંકલન બેઠકમાં પણ મોટાભાગના સભ્યો ગેર હાજર રહ્યા હતા. આ મહત્વના મુદ્દે નગરપાલિકાના હોદ્દેદારો તથા શહેર ભાજપ પ્રમુખ દ્વારા અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં ખાસ બેઠક યોજવામાં આવી છે. જેમાં સ્થાનિક હોદ્દેદારો, સભ્યોની ઉપસ્થિતિમાં જરૂરી ચર્ચા વિચારણાઓ કરવામાં આવશે. ખંભાળિયા નગરપાલિકાની મુદત પૂરી થવાના હવે માત્ર દોઢ વર્ષ જેટલો સમય બાકી છે. ત્યારે અગાઉના સમયમાં ચૂંટણી નજીક આવે ત્યારે જ સારા કામો થતા હોય છે. કારણ કે નગરજનોએ વિશ્વાસ રાખીને આ ટર્મમાં ૨૮ માંથી ૨૬ બેઠકો ભાજપને આપી છે. ત્યારે આવી તોતિંગ બહુમતી છતાં પણ નગરમાં વિકાસ કાર્યો ન થાય તો પ્રજાની અપેક્ષા નિષ્ફળ જાય તેવી પરિસ્થિતિ હાલ જોવા મળી રહી છે. આ મુદ્દે રાજ્યમંત્રી દ્વારા નક્કર કાર્યવાહીની માંગ પણ ઊઠવા પામી છે.

### આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક પ્રવીણભાઈ તોગડીયા જૂનાગઢની મુલાકાત લીધી

# એક લાખ હનુમાન ચાલીસા કેન્દ્ર સ્થાપવાનો લક્ષ્યાંક





જૂનાગઢ તા.૨૭

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક પ્રવીણભાઈ તોગડીયા ગઈકાલે જૂનાગઢની મુલાકાતે આવ્યા હતા અને જૂનાગઢના વરિષ્ઠ અગ્રણી શ્રી અરવીંદભાઈ સોનીના નિવાસ સ્થાને શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તકે અરવીંદભાઈ સોની અને તેમના પરિવાર દ્વારા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રવીણભાઈ તોગડીયાનું ઉમળકાથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગઈકાલે જૂનાગઢના આંગણે આવેલા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રવીણભાઈ તોગડીયાએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા એક લાખ હનુમાન ચાલીશા કેન્દ્ર સ્થાપવાનું લક્ષ્યાંક જાહેર કરવામાં આવ્યો હતો. આ તકે તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તેમજ રાષ્ટ્રીય બજરંગદળ દ્વારા ગામડે ગામડે અને શહેરોના સોસાયટી વિસ્તારોમાં હનુમાન ચાલીશા કેન્દ્ર સ્થાપવાનું ચાલી રહ્યું છે અને આ અભિયાન અંતર્ગત હજારો હનુમાન ચાલીશા કેન્દ્ર શરૂ કરી દેવામાં આવ્યા છે. હનુમાન ચાલીશાના કેન્દ્ર દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિ પણ કરવામાં આવી રહી છે. જેમાં ખાસ કરીને જ્યાં જ્યાં આવા હનુમાન ચાલીશાના સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે ત્યાં ગરીબોને મફત અનાજ વિતરણ, બ્લડ સુગરની ફ્રી તપાસ તેમજ કેન્સર અને હૃદયરોગના દર્દીઓને પ્રાઈવેટ હોસ્પિટલોમાં મફત સારવાર આપવાનું પણ તેઓએ જણાવ્યું હતું અને આ કામગીરી પુરજોશથી ચાલી રહી છે. તેમ જણાવી અને આ અંગેના લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે સંસ્થાના આગેવાનો-કાર્યકર્તાઓ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. ગઈકાલે જૂનાગઢની મુલાકાતે આવેલા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક પ્રવીણભાઈ તોગડીયા અને તેમની સાથે ડો.ગોવિંદભાઈ ગજેરા, નિર્મળસિંહ ખુમાણ, જયસુખભાઈ બુટાણી, ગૌરવભાઈ સુખાનંદી તેમજ કિશોરભાઈ ચોટલીયા વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

### વીર હિન્દુ વિજેતા હિન્દુ અંતર્ગત નવરાત્રીમાં શસ્ત્રપુજનના કાર્યક્રમો યોજાશે

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક પ્રવીણભાઈ તોગડીયાએ જૂનાગઢની મુલાકાત દરમ્યાન તેઓએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તથા રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા નવરાત્રી દરમ્યાન વીર હિન્દુ વિજેતા હિન્દુ નું આયોજન કરવામાં આવ્યું છે અને જ્યાં જ્યાં નવરાત્રી દરમ્યાન માતાજીની ગરબીનું સ્થાપન કરવામાં આવેલ છે તેમજ લોકો ઘર આંગણેપણ શસ્ત્ર પૂજનના કાર્યક્રમો યોજવાની હાકલ કરી છે અને આ અભિયાન અંતર્ગત વીર હિન્દુ વિજેતા હિન્દુના અભિયાન અંતર્ગત સફળ રીતે ઠેર-ઠેર શસ્ત્રપૂજનના કાર્યક્રમો યોજવામાં આવશે તેવો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

## પાકિસ્તાન આપણા બાપનું છે, ત્યારે જૂનાગઢ વિશે કંઈ કહેવાનો તેને અધિકાર નથી : પ્રવીણ તોગડીયા

જૂનાગઢ તા.૨૭

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક પ્રવીણભાઈ તોગડીયાએ આજે જૂનાગઢ ખાતે એવો રણટંકાર કર્યો હતો કે, પાકિસ્તાન આપણા બાપનું છે ત્યારે તેને જૂનાગઢ વિશે કંઈ કહેવાનો અધિકાર નથી તેમ જણાવ્યું હતું. પાકિસ્તાનના સત્તાધિશો તેમજ પ્રવકતાઓ દ્વારા અવાર-નવાર જૂનાગઢ વિશે ઉંબાડીયા મુકવામાં આવે છે અને જૂનાગઢ પાકિસ્તાનનું હોવાના દાવા વારંવાર કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જ એક પાક. પ્રવકતાએ આ મતલબનું એક નિવેદન કરી જણાવ્યું હતું કે, જૂનાગઢ પાકિસ્તાનનો ભાગ છે. તેવો દાવો કર્યો હતો. ત્યારે ગઈકાલે જૂનાગઢની મુલાકાતે આવેલા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક પ્રવીણભાઈ તોગડીયાએ પાકિસ્તાન દ્વારા જૂનાગઢ વિશે થતા દાવાઓ વિશેના પ્રશ્નના જવાબમાં પત્રકારો સમક્ષ રણટંકાર કરતા જણાવ્યું હતું કે, ''પાકિસ્તાન જ આપણા બાપનું છે ત્યારે તેને જૂનાગઢ વિશે કંઈ કહેવાનો અધિકાર નથી'' એટલું જ નહીં પ્રવીણભાઈ તોગડીયાએ વધુમાં જણાવ્યું હતું કે, જૂનાગઢ ચુડાસમા રાજવીઓનું પહેલેથી જ હતું અને આ તો એવી બાબત થઈ કે, કોઈની મિલ્કત ઉપર ગેરકાયદેસર કબ્જો જમાવવો અને આ મિલ્કત અમારી છે તેમ કહેવું વ્યાજબી નથી. તેમ જણાવી અંતમાં જણાવ્યું હતું કે, જૂનાગઢ વિશે કંઈ કહેવાનો પાકિસ્તાનને અધિકાર જ નથી.

### જૂનાગઢ શહેરમાં ગઈકાલે સર્જાયેલા વરસાદને પગલે અનેક વાહનો ફસાયા



જૂનાગઢ તા.૨૭

ગઈકાલે બપોરબાદ શરૂ થયેલો વરસાદ રાત્રીના પણ જાપટા રૂપે રહ્યો હતો. વરસતા વરસાદ વચ્ચે જૂનાગઢ શહેરના રસ્તાઓ ઉપર પાણી વહેવા લાગ્યા હતા અને આ દરમ્યાન રસ્તાઓની ખરાબ હાલતને કારણે અનેક વાહનો પણ ફસાયા હતા. પ્રસ્તુત તસ્વીરમાં વરસાદ દરમ્યાન રસ્તા ઉપર ફસાયેલું ફોરવ્હીલ દર્શાય છે.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

• હરક્યુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
૦% ફાઈનાન્સ ૦% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સત્યમેવ જયતે ગુજરાત સરકાર
વિકસિત ભારત વિકસિત ગુજરાત




વિકાસની ગતિ સાથે ગરીબ કલ્યાણની નીતિ
સર્વાંગી વિકાસની થઈ રહી છે સૌને અનુભૂતિ



ગરીબ કલ્યાણ મેળાના
૧૪મા તબક્કાનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ
તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ
માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની
પ્રેરક ઉપસ્થિતિમાં યોજાશે
સ્થળ : ડીસા એરપોર્ટ, તાલુકો : ડીસા, જિલ્લો : બનાસકાંઠા
સમગ્ર રાજ્યમાં મેળાના દિવસે કુલ ૧,૦૦,૭૩૪ લાભાર્થીઓને ₹૩૧૮ કરોડથી વધુની સહાયનો મળશે લાભ
વર્ષ ૨૦૦૯થી અત્યાર સુધીમાં
ગરીબ કલ્યાણ મેળાના ૧૩ તબક્કા સફળતાપૂર્વક પૂર્ણ
૧૩ તબક્કામાં ૧૬૦૦થી વધુ મેળામાં ૧.૬૬ કરોડથી વધુ લાભાર્થીઓને ₹૩૬,૮૦૦ કરોડથી વધુની સહાયનો મળ્યો લાભ
ગરીબ કલ્યાણ મેળાના આયોજન માટે પોર્ટલ ઉપર ૨૦ વિભાગની ૨૦૦થી વધુ યોજનાઓના ૧૨ લાખથી વધુ લાભાર્થીઓની અને ₹૪૫૦૦ કરોડથી વધુની સહાય માટેની ઓનલાઈન એન્ટ્રીનું કાર્ય પૂર્ણ કરાયું
ઓનલાઈન ડેટા એન્ટ્રી તેમજ જાહેર કાર્યક્રમમાં સહાયનું વિતરણ થવાના કારણે લાભાર્થીઓની પસંદગીમાં પારદર્શકતા
રાજ્ય સરકારની તમામ યોજનાઓના લાભાર્થીઓને એક જ સ્થળે લાભ અપાશે
વચેટિયાઓનું વર્ચસ્વ નાબૂદ કરી ગરીબોને પૂરેપૂરો લાભ આપવાનું આયોજન
ગ્રીમકો સંસ્થા દ્વારા ૭૫ હજારથી વધુ સહાય કિટનું જિલ્લાકક્ષાએ વિતરણ થશે
સ્વરોજગાર માટેની જુદી જુદી ટૂલકિટ/સાધનોની સહાય
છેવાડાના માનવીને આર્થિક રીતે પગભર કરવા માટે તેના જ ઘરઆંગણે સહાય
૩૩ જિલ્લા • ૨ મહાનગરપાલિકા • ૩૫ ગરીબ કલ્યાણ મેળા
જન-જનના કલ્યાણ માટે કટિબદ્ધ ગુજરાત સરકાર